અંક - ૦૪.

Date :- 04/11/2021

નિર્મોહી

એક અવાજ

(દીપાવલી અંક ૨૦૨૧)

nirmohimagazine@gmail.com @nirmohimagazine નિર્મોહી ઈ મેગેઝિન

VISIT…

LANZAROTE
Caliente.COM

નિર્મોહી
એક અવાજ

નિર્મોહીની કલમે

તંત્રી
અંકિત ચૌધરી "શિવ"

✉ nirmohimagazine@gmail.com
@nirmohimagazine
f નિર્મોહી ઈ મેગેઝિન

દીપાવલી એટલે સત્યનો અસત્ય ઉપર વિજય! મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ જ્યારે ચૌદ વર્ષોનો વનવાસ પૂર્ણ કરીને અયોધ્યા પરત ફર્યા હતા, ત્યારે અયોધ્યાના લોકોએ આખા આયોધ્યામાં દીપ પ્રગટાવીને આનંદ માણ્યો હતો. લોકવાયકાઓ પ્રમાણે કહેવાય છે કે બસ એજ દિવસથી દિપાવલીની શરૂઆત થઈ હતી. ભારત અને સમગ્ર વિશ્વમાં દિવાળીની ઉજવણી પાંચ દિવસોમાં વહેંચાયેલી છે. દિવાળી સિવાયના તમામ દિવસોના નામ હિન્દુ પંચાંગમાં આવતી તિથિ મુજબ રાખવામાં આવ્યા છે.

જેમાં વસુ બારસ, ધન તેરસ, નરક ચતુર્દશી, દીપાવલી અને હિન્દુ નવ વર્ષ આમ કુલ પાંચ દિવસ આ તહેવાર ઉજવવામાં આવે છે. વસુ બરસાના દિવસે વસુ એટલે ગાય અને વાછરડાની પૂજા કરવામાં આવે છે, ધનતેરસના દિવસે માતા લક્ષ્મી અને ધનની પૂજા કરવામાં આવે છે. નરક ચતુર્દશીના દિવસે નરકાસુર હણાયો હતો અને આ દિવસને કાળી ચૌદસ, રુપ ચૌદસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આસો સુદ અમાસના દિવસે દિવાળીનું પર્વ ઉજવવામાં આવે છે. કારતક સુદ એકમના દિવસે હિન્દુ નવ વર્ષ ઉજવવવામાં આવે છે, જે દિવસે નવા રોજગાર શરૂ કરવા માટેનો શુભ દિવસ માનવામાં આવે છે, આમ દીપાવલીના તહેવારને મિલનના તહેવાર તરીકે પણ મનાવવમાં આવે છે.

તંત્રી અંકિત ચૌધરી "શિવ"

Disign
નિર્મોહી
Editor
Team

નોંધ -

"નિર્મોહી - એક અવાજ" સામયિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી, જે તે લેખક કે કંપનીનાં છે. તેની સાથે તંત્રી કે સંપાદક સહમત છે તેવું માનવું નહિ! સર્વ હક્ક પ્રકાશનને આધીન છે.

અનુક્રમણિકા

01. નિર્મોહી એક વાર્તા -
અધૂરાશ - અંકીત ચૌધરી"શિવ" ૦૧

02. સુખની સવારી નિર્મોહી -
યોગ શિક્ષણ - રચના શાહ ૦૭

03. વિચારોની લહેર -
નેહા વારસુર, ભારતી ભંડેરી ૧૦

04. ચાલો ફરી લઈએ
કુંભલગઢ - રાજુલ શાહ ૧૪

05. શુભમ ભવતુ...
દીપાવલી - વૈભવી જોશી ૧૬

06. આરાધના...
મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ - ભારતી ભંડેરી ૧૯

06. નિર્મોહીને ગર્વ છે - વ્યક્તિ વિશેષ
યોગી યોગેશ - નિર્મોહી સંપાદન ૨૧

07. ભાતીગળ સંસ્કૃતિ -
પંચમહાલ આદિવાસી - કલ્પેશ શાહ "કલ્પ" ૨૩

08. રસોડાની રાણી -
ઓટ્સ રવા સમોસા, ગુંદર પાપડી - અલ્પા ભદ્રા ક્રિષ્ના ૨૪

09. મહેફિલ - ગઝલ અને કાવ્ય
અંકિત ચૌધરી, સંગીતા ચૌહાણ, કલ્પેશ જેઠવા, કવિ જળરૂપ ૨૬

10. વ્હાલી નિર્મોહી - બાળગીત & બાળવાર્તા..
શીલા ચૌધરી, દિનેશ કવિરાજ, પીપલીયા જીવતી ૨૮

અંકિત ચૌધરી "શિવ"

શહેર - ઊંઝા, મહેસાણા
અભ્યાસ - M.A. B.Ed in English
વ્યવસાય - શિક્ષક
સફળ વાર્તા - કર્તવ્ય - એક બલિદાન, જંતર મંતર, અધૂરાશ

અધૂરાશ

આરાધ્યા એક સુંદર ટેકરી જોઈને આકર્ષિત થઇ જાય છે, એ મન બનાવી લે છે કે તે અહી જ રોકશે; પણ પ્રયાગ અહી રોકાવા માટે જરાય પણ તૈયાર નહોતો. આ વાત ઉપર પ્રયાગ અને આરાધ્યાની બહેસ થઈ રહી હતી. આરાધ્યા પ્રયાગથી ક્રોધિત થઈને તેને મારવા માટે પાછળ દોડી રહી હતી, આ જોઈને પેલી ટેકરી ઉપર ઊભેલી મહિલાએ આરાધ્યા ઉપર વાર કરી દીધો. આરાધ્યા ખૂબ થાકેલી હતી એટલે તેનું ધ્યાન પાછળ તરફ હતું જ નહિ!

આરાધ્યા પ્રયાગ પાછળ ભાગતાં ભાગતાં થાકી ગઈ એટલે તે ત્યાં થાક ખાવા માટે ઊભી રહી હતી. પ્રયાગને અણસાર આવ્યો કે એની પાછળ કોઈ ભાગી રહ્યું નથી, એટલે પ્રયાગ ત્યાં ઊભો રહીને પાછળ તરફ જોવા લાગ્યો. પ્રયાગ જેવી જ એની નજર આરાધ્યા તરફ કરી, ત્યારે તેને સમજાયુ કે આરાધ્યા તરફ એક મોટી ઝાડની ડાળી મુસીબત બનીને આગળ વધી રહી હતી. આરાધ્યા આ વાતથી અજાણ ત્યાં થાક ખાવા માટે ઊભી રહી હતી.

પ્રયાગ આરાધ્યા તરફ દોડવા લાગ્યો, જે જોઈને આરાધ્યા એકદમ વિચલિત થઈ ગઈ, તે થાક ખાતાં ખાતાં તેની કમર સીધી કરીને ઉભી થઇ ગઈ અને ઊભી થઈને જોવા લાગી ત્યારે તો પ્રયાગ એની ખૂબ નજીક આવી ચૂક્યો હતો. પ્રયાગે આવીને આરાધ્યાનો હાથ પકડી લીધો અને તેને દૂર ધકેલી દીધો! આરાધ્યા અને પ્રયાગ રસ્તાની એક તરફ જઈને નીચે પડી ગયો, પણ આ શું પ્રયાગ જે ડાળીને મુસીબત માનીને આરાધ્યાને બચાવવા માટે દોડ્યો હતો એ ડાળીનો પત્તો ક્યાંય દૂર દૂર સુધી નોહતો. પ્રયાગ આ જોઈને થોડો અચંબિત થઈ ગયો અને બોલી પડ્યો,

"આ ન થઈ શકે! મને અને ભ્રમ! ન થાય યાર. ક્યાં ગઈ એ ડાળી?"

પ્રયાગને કંઇક બોલતો જોઈને આરાધ્યાએ પૂછી લીધું, "પાગલની જેમ એકલો એકલો શું બોલી રહ્યો છે?"

"એક ડાળી..... કંઈ નહિ જવા દે!"

"એક ડાળી! પણ શું એક ડાળી?" આરાધ્યાએ ખૂબ આશ્ચર્યથી પૂછ્યું.

"હું તને કહીશ તો તું મારો મજાક બનાવીશ, એના કરતાં રહેવા દે કંઈ નથી કહેવું મારે!"

"અરે યાર બોલને, બસ નહિ બનાવું તારો કોઈ મજાક."

આરાધ્યા પ્રયાગને પૂછી રહી હતી કે એને અચાનક શું થયું કે જેથી આટલો ડરીને તે આમ બચાવવા દોડ્યો! પ્રયાગ પહેલા તો જવાબ આપવા માગતો નોહતો, પણ આરાધ્યાના કહેવાથી તે જવાબ આપવા માટે તૈયાર થઈ ગયો. પ્રયાગે આરાધ્યા તરફ જોયું અને બોલ્યો,

"આરાધ્યા મને અણસાર આવ્યો કે તું મારી પાછળ મને મારવા માટે નથી ભાગી રહી! એટલે મેં વિચાર્યું કે હું ઊભો રહું, અને મારી મરજી મુજબ હું ઊભો પણ રહ્યો. પછી મેં મારી નજર પાછળ તરફ કરી તો મને ધ્યાનમાં આવ્યું કે એક વૃક્ષની ડાળી મુસીબત બનીને તારી તરફ આગળ વધી રહી હતી, જેને જોઈને હું તને બચાવવા માટે દોડ્યો."

"શું મારો જીવ મુશ્કેલીમાં હતો? અને તે મારો જીવ બચાવ્યો?" આરાધ્યાએ થોડી મસ્તીમાં આવીને ઉદાસી ભર્યા અવાજમાં પૂછી લીધું.

"હા મેં બચાવ્યો તારો જીવ! પણ મને સમજમાં નથી આવતું કે એ ડાળી ક્યાં ગઈ?"

"અરે ડરપોક તારા મનનો ભ્રમ છે, અને હવે અહીં ન રોકાવવા માટેની યુક્તિઓ ન બનાવ; હું અહીં જ રોકાઇશ અને હા તારે જવું હોય તો જઈ શકે છે."

આરાધ્યાએ આટલું કહીને પ્રયાગને રસ્તા તરફ જવા માટે ઈશારો કરી દીધો. પ્રયાગને ખૂબ ગુસ્સો આવી રહ્યો હતો, પણ એ અત્યારે આરાધ્યાને કંઈ કહી શકે એમ નોહતો. એક તો સૂમસામ જંગલ હતું અને રાત થવાને આરે હતી. જો પ્રયાગ આરાધ્યાને કંઇક કહે તો એને એમ લાગે કે એ મારા ઉપર બોઝ બનીને અહી આવી હતી, એટલે પ્રયાગ ચૂપ જ રહ્યો.

"તો શું વિચાર્યું પ્રયાગ તે? જવા માગે છે કે અહીં રહીશ?"

"હું અહીં રહીશ તારી પાસે! આ સૂમસામ જંગલમાં હું તને એકલી ન મૂકી શકું!"

"ઓહ મને કે તું એકલો ન રહી શકે, આ સૂમસામ જંગલમાં? ડરપોક.."

આરાધ્યા આટલું કહીને પ્રયાગ ઉપર જોરદાર હાસ્ય કરવા લાગી. પ્રયાગને આરધ્યાનું હાસ્ય ચૂબી રહ્યું હતું, પણ અત્યારે એ તેને કંઈપણ કહેવા નોહતો માગતો. આરાધ્યા પ્રયાગ પાસે આવી અને બોલી,

"પ્રયાગ તને ભૂખ લાગી છે કે નહિ? મને તો ખૂબ ભૂખ લાગી છે."

"હા ભૂખ તો મને પણ ખૂબ લાગી છે પણ અહીં જમવાનું બનશે કઈ રીતે? આપણી પાસે તો પાણીનું એક ટીંપુ પણ બચ્યું નથી! જમવાનું બનાવીશું કઈ રીતે?"

"શું પાણી નથી આપણી પાસે? મને તો તરસ પણ ખૂબ લાગી છે." આરાધ્યા એ ગળું સુકાઈ ગયું હોય એવા અવાજમાં કહ્યું.

"ના નથી યાર..... આઠ કલાકની મુસાફરી દરમિયાન આપણે વીશ લીટર પાણી પી ચૂક્યા છીએ, અને હવે આપણી પાસે જરાય પણ પાણી નથી....

અધૂરાશ

હવે તરસ અને ભૂખ મીટાવવા માટે આ સૂમસામ જંગલમાં પાણી શોધવું પડશે! તો ચાલો શરૂ થઈ જાઓ મિશન પાણી શોધો માટે....."

"ઓકે, થીક છે...."

આરાધ્યા અને પ્રયાગ પોતાની ભૂખ મીટાવવા માટે કંઈપણ કરી શકે એમ હતા. તે બંને પોતાના હાથમાં પાણીના કેન લઈને મિશન પાણી શોધો માટે નીકળી પડ્યા. આરાધ્યા અને પ્રયાગ બંને એક સાથે જ ચાલતા હતા, આરાધ્યા સતત પેલી ટેકરી તરફ જ જોઈ રહી હતી. એટલે એને પ્રયાગને કહ્યું,

"પ્રયાગ આ ટેકરી ઉપર ચાલ, મને લાગે છે કે એની ઉપર આપણને પીવા માટે પાણી મળી જશે!"

"શું આ ટેકરી ઉપર! અરે ના બાબા ના... એક તો તરસ લાગી છે અને તું આ ટેકરી ઉપર ચડવાની વાત કરે છે! મરવું છે કે શું? અને શું ખાતરી છે કે આ ટેકરી ઉપર આપણને પાણી મળશે જ!" પ્રયાગે હતાશ થઈને પૂછ્યું.

"મને લાગે છે કે આ ટેકરી ઉપર આપણને પાણી મળી જશે!"

"તો તારા લાગવા ઉપર હું આ ટેકરી ઉપર ચડી જાઉં?"

"અરે વિશ્વાસ કર મારો યાર, આ ટેકરી ઉપર ખુબજ હરિયાળી છે. અહીં આપણને પાણી પણ મળી જશે અને રોકાવવા માટે જગ્યા પણ...."

આરાધ્યાની વાત સાંભળીને પ્રયાગ ટેકરી તરફ જોવા લાગ્યો, તો એ પણ આરાધ્યાની જેમ ટેકરી જોઈને એની તરફ મોહિત થવા લાગ્યો. પ્રયાગ આરાધ્યાના હાથ ઉપર પોતાનો હાથ મૂકીને,

"લીલોતરી તો ખૂબ છે આ ટેકરી ઉપર અને ત્યાં પાણી પણ હોઈ શકે! પણ યાર આપણે ભૂખ્યા અને તરસ્યા છીએ! આપણે આ ટેકરી ચડી નહિ શકીએ! યાર ક્યાંક નીચે પાણી શોધી લઈએ ને! આ રસ્તા ઉપર આગળ ચાલ ક્યાંક તો પાણી મળી જ જશે.."

"હા પ્રયાગ મળી શકે પણ આપણે જાણતા નથી કે પાણી કેટલું દૂર છે. આપણે પાણીની શોધમાં કેટલું દૂર જવું પડશે એ કોણ જાણે! અહીં ટેકરી ઉપર આપણને પાણી મળી જશે તો ત્યાં ઉપર રોકાવા માટે કોઈ શ્રેષ્ઠ જગ્યા પણ મળશે!"

"પણ યાર શું ગેરંટી છે કે ત્યાં પાણી મળશે જ! આટલું ઉપર ચડ્યા પછી પાણી નહિ મળે તો શું કરીશું?"

"અરે નકારાત્મક આત્મા; ત્યાં પાણી કેમ નહિ મળે? જરૂર મળશે! ઉમ્મીદ રાખ."

"ઉમ્મીદ?"

"હા ડરપોક ઉમ્મીદ! ઉમ્મીદ ઉપર તો આખી દુનિયા કાયમ છે."

આરાધ્યાની વાત પ્રયાગે માની લીધી અને કહ્યું, "ઓકે ઠીક છે, હું તારો વિશ્વાસ કરીને મારી ઉમ્મીદને જન્મ આપું છું, Iપણ જો પાણી ન મળ્યું તો તારે ક્યાંયથી પણ પાણી લાવીને મારો જીવ બચાવવો પડશે."

અધૂરાશ

આરાધ્યા હસવા લાગી અને પછી બોલી પડી, "જો પાણી નહિ મળે તો આપણે આપણા પ્રાણ આ ટેકરી ઉપર જ ત્યજી દઈશું! અને કોઈક પ્રાણી આપણી બોડી ખાઈને એનો નાસ્તો પૂરો કરી લેશે..."

"એ હોશિયારી, હજુ મારે ઘણું લાંબુ જીવવાનું છે.. મારા સ્વપન પણ પૂરા કરવાના છે. હું આટલી જલ્દી મરવા નથી માગતો.."

પ્રયાગ અને આરાધ્યા એકબીજા સાથે વાત કરી રહ્યા હતા, અને તેમની વાત ટેકરી ઉપર ઊભા ઊભા એક મહિલા સંભાળી રહી હતી. પ્રયાગ અને આરાધ્યાની વાત સાંભળીને એ મહિલા બોલવા લાગી,

"ન હાલ પ્રયાગ મરશે કે ન આરાધ્યા! તમારે હજુ મારી ઘણી અધૂરી આશ પૂરી કરવાની છે, જે મારા દિલમાં અધૂરાશ બનીને હજુ પણ જીવંત છે. તમારે બંને એ થઈને મને અને મારી શ્રાપિત હવેલીને શ્રાપ મુક્ત કરાવાની છે. પૂર્વી અધૂરી આશ બનીને કેમ જીવે પ્રયાગ? જ્યારે મેં પ્રેમ તને સાચો કર્યો છે તો મારી અધૂરી આશ પણ તારી સાથે જ પૂરી કરીશ! પ્રયાગ આ વખતે તું મને છોડીને નહીં જઈ શકે!" આટલું કહીને પૂર્વી જોરદાર હસવા લાગી હતી..

પૂર્વી સતત પ્રયાગ અને આરાધ્યા ઉપર પોતાની નજર બનાવીને બેઠી હતી. પ્રયાગ અને આરાધ્યા ખુબજ હેરાન પરેશાન થઈ રહ્યા હતા. કેમકે તેમની મંઝિલ એક હતી પણ એમની તર્ક શક્તિ અલગ અલગ હતી. આરાધ્યા ટેકરી ઉપર જવા માગતી હતી. તો પ્રયાગ કોઈક સેફ જગ્યા ઉપર! તેમની પાસે પીવા માટે પાણી નોહતું એટલે આરાધ્યા ટેકરી ઉપર પાણીની શોધ માટે જવા માગતી હતી. તો બીજી તરફ પ્રયાગ ક્યાંક નીચે પાણીની શોધમાં જવા માગતો હતો.

પૂર્વી તે બંનેને આ ટેકરી ઉપર બોલાવવા માગતી હતી અને ફક્ત હવે તેની પાસે એક જ રસ્તો બચ્યો હતો, એટલે તે ઉપરથી પાણી જેવા અવાજ કરવવા લાગી. પાણીનો અવાજ સંભાળીને બંનેના ચહેરા ઉપર સ્મિત આવી ગયું. આરાધ્યા પોતાની t-shirtના કૉલર ટાઇટ કરતી હોય એમ બોલી પડી,

"ચંબુ કહ્યું હતુંને મેં કે ઉપર પાણી છે, હવે શું કહેવું છે તારું?"

"હા માન્યું કે તું સાચી છે, પણ આ ફોઈની જેમ મારા નવા નવા નામ કેમ રાખી રહી છે."

"અરે બચ્ચું બચપન સે આદત હૈ...." આટલું કહીને આરાધ્યા જોર જોરથી હસવા લાગી. એને જોઈને પ્રયાગના ચહેરા ઉપર પણ સ્મિત આવી ગયું અને પછી પ્રયાગ બોલ્યો,

"હવે તારો નામકરણ પ્રોગ્રામ પૂરો થયો હોય તો પાણી માટે ઉપર જઈએ?"

"હા ચાલ, મૃગજળ...."

"હવે આ શું છે? મૃગજળ...."

"તારું નવું નામ!" આરાધ્યા અને પ્રયાગ એકબીજાને તાલી આપતાં હસી પડ્યાં.

અધૂરાશ

પૂર્વીની મરજી મુજબ આરાધ્યા અને પ્રયાગ પેલી ટેકરી ચડવા લાગ્યા હતા. પૂર્વી એક વૃક્ષથી બીજા વૃક્ષ સુધી પોતાની દોડ લગાવી રહી હતી. અચાનક આરાધ્યાની નજર એક લાલ સાડી વાળી છોકરી ઉપર પડી અને એને જોઈને આરાધ્યા થોડી વિચલિત થઈ ગઈ હતી.

"પ્રયાગ આ ટેકરી સૂમસામ નથી, ત્યાં કોઈક તો છે."

પ્રયાગ આરાધ્યાની વાત સાંભળીને આમ તેમ જોવા લાગ્યો પણ એને કોઈ નજર નથી આવતું એટલે એ બોલ્યો,

"એય હોશિયારી મજાક કરવાનું બંધ કર! હું કોઈ તારી વાતથી ડરવાનો નથી."

"ઓય ડરપોક, હું તને ડરાવતી નથી, પણ તું ડરપોક છે જ! અને ત્યાં હકીકતમાં કોઈક છે. તને વિશ્વાસ ન હોય તો ચાલ મારી સાથે અને જોઈ લે."

"ઠીક છે પણ જો ત્યાં કોઈ નહિ હોય તો?"

"તો, આજ પછી હું તને ન ડરપોક કહીશ ન તારું કોઈ નવું નામ રાખીશ."

"ઓકે તો ઠીક છે ચાલ...."

આરાધ્યાની સચ્ચાઈને પ્રયાગ ભ્રમમાં પરિવર્તિત કરવા માગતો હતો, એટલે તે આરાધ્યાની વાતોનો વિશ્વાસ કરીને પેલી છોકરીની દિશામાં આરાધ્યા પાછળ ચાલી નીકળ્યો.

આરાધ્યા ધીરે ધીરે પેલી છોકરીની દિશામાં આગળ વધી રહી હતી. આરાધ્યાને જ્યાં લાગતું હતું ત્યાં બધી જગ્યાએ જઈને તે પેલી છોકરીને શોધી રહી હતી અને પ્રયાગ પણ તેનો તેમાં સાથ આપી રહ્યો હતો. પૂર્વી આ બંનેને જોઈને બોલી,

"મને શોધવી આટલી આસાન નથી તમારા માટે! મને શોધી ત્યારે જ શકશો જ્યારે મારી મરજી હશે! હું હકીકત બનીને વાર પણ કરી શકું છું અને તારા મગજનો ભ્રમ બનીને તને બરબાદ પણ કરી શકું! હું પૂર્વી, અધૂરી આત્માઓની અધૂરી આશની જન્મ દાત્રી અધૂરાશ!"

પૂર્વી, આરાધ્યા અને પ્રયાગને તેમનો રસ્તો ભટકી રહી હતી અને તે બંને પૂર્વીની ભ્રમિત જાળમાં ફસાઈ રહ્યા હતા. અંધારું થવાને આરે હતું, અને પ્રયાગ આરાધ્યા હજુ પેલી છોકરીને શોધી રહ્યા હતા. તે બંને ખુબ થાકી ચૂક્યા હતા પણ તેમને હજુ સુધી કોઈ મળતું નથી એટલે પ્રયાગ બોલ્યો,

"આરાધ્યા હું ખૂબ થાકી ચૂક્યો છું, હવે મારી અંદર હિંમત નથી કે હું તેને શોધી શકું કે આ ટેકરી પણ ચડી શકું! મને તરસ પણ ખૂબ લાગી છે. જો મને થોડા સમયમાં પાણી નહિ મળે તો મારા પ્રાણ અહીજ મારો દેહ છોડી દેશે!"

"પ્રયાગ થાકી તો હું પણ ચૂકી છું, પણ મહેરબાની કરીને તું આવી વાતો ન કર! હવે હું તને ના ડરપોક કહીશ કે ના કોઈ તારું નવું નામ રાખીશ! હવેથી હું ફક્ત તને પ્રયાગ કહીશ પણ આમ મરવાની વાતો ન કર યાર!"

"ઓકે નહિ કરું, પણ પાંચ મિનિટ અહીં શાંતિથી બેસી જા."

અધૂરાશ

આરાધ્યા પ્રયાગ પાસે બેસી ગઈ, જ્યાંથી સૂર્ય નિસ્તેજ થઈને આથમી રહ્યો હતો, જેને જોઈને પ્રયાગ અને આરાધ્યા શાંતિથી બેસીને તેની તરફ જોઈ રહ્યા હતા. થોડા સમય પછી આરાધ્યા બોલી,

"પ્રયાગ હવે થોડો ઉપર ચાલ, ત્યાં પાણી પણ છે અને ત્યાં જમવાનું પણ બનાવી લઈશું!"

"પણ યાર, હું ખૂબ થાકી ચૂક્યો છું, અને મને નથી લાગતું કે મારાથી એકપણ દગ આગળ ભરાશે."

"અરે યાર જો આપણે ટેકરીની વચ્ચોવચ છીએ, જો આપણે ઉપર પહોંચી જઈશું, તો આપણે સુરક્ષિત હશું! ઉપર પાણી પણ છે, અને ત્યાં રહેવાની સગવળ પણ થઈ જશે! અને ક્યાંક ઉપર આપણને શ્રાપિત હવેલી મળી ગઈ તો આપણી શોધખોળ પણ આસાન થઈ જશે."

આરાધ્યાની વાત પ્રયાગ ખૂબ ધ્યાનથી સંભાળી રહ્યો હતો. હવે એને પણ લાગતું હતું કે ઉપર જવું જોઈએ. પણ એને એ પણ ખબર હતી કે શ્રાપિત હવેલી ટેકરી ઉપર નથી. શ્રાપિત હવેલી તો ગીચ જંગલ વચ્ચે ઊંડી ખાઈમાં હતી, પણ ત્યાં જવાનો રસ્તો પ્રયાગને ખબર નહોતો. પ્રયાગ ઊભો થઈને આરાધ્યા સાથે આગળ વધવા લાગ્યો, તે બંને ખૂબ નજીક નજીક ચાલતા હતા કેમકે અંધારું ઓલમોસ્ટ થવા આવ્યું હતું, અને ઉપર એકાએક કોઈક મુસીબત આવે તો તે બંને એકબીજાને બચાવી શકે! એટલે તે બંને સાથે જ આ ટેકરી ચડી રહ્યા હતા.

પ્રયાગ અને આરાધ્યા અંધારું થતાની સાથે સાથે ટેકરી ઉપર પહોંચી ગયા પણ પૂનમની રાત હોવાને લીધે તેમને બધું ઠીક નજર આવી રહ્યું હતું. આરાધ્યા અને પ્રયાગ આ ટેકરી ઉપર આગળ વધ્યા, અને જેમ જેમ તે આગળ વધ્યા તેમ તેમ તેમની તરસ પણ ખૂબ વધતી લાગી.

આરાધ્યા અને પ્રયાગ તેમની તરસ મીટાવવા માટે પાણીની આશામાં આગળ વધતા હતા અને અંતે તે બંને એક પ્યાઉ પાસે પહોંચી ગયા. પ્યાઉ જોઈને બંનેના ચહેરા ઉપર સ્મિત આવી ગયું, અને ઝડપથી બંને પોતાની તરસ મિટાવવા માટે દોડી પડ્યા. પાણી પીધા પછી પ્રયાગ બોલ્યો,

"આરાધ્યા તું અહીં બેસ, હું થોડા સૂકા લાકડા લઈને આવું છું, પછી આપણે સાથે મળીને કંઇક જમવાનું બનાવીશું!"

"ઓકે ઠીક છે, પણ બહુ દૂર ન જતો! અને તું આવે ત્યાં સુધી હું નાની મોટી તૈયારી કરી લઉં છું, જેથી જમવામાં મોડું ન થાય અને સમયસર આપણે આરામ કરી શકીએ."

"ઓકે ચલ હું આવું છું."

પ્રયાગ આટલું કહીને સૂકા લાકડા લેવા માટે ચાલ્યો ગયો. પ્યાઉની પાસે આરાધ્યા થોડી સમય બેસી રહી. થોડા સમય પછી આરાધ્યાના કાને એક છોકરીનો મદહોશ અવાજ પડે છે,

"યે રાતે નયી પુરાની આતે,
આતે જાતે કહતી હૈ કોઈ કહાની..

ક્રમશ.... **અંકિત ચૌધરી "શિવ"**

નિર્મોહી
એક અવાજ

કર્તવ્ય - એક બલિદાન - અંકિત ચૌધરી "શિવ"

લેખક પરિચય
NIRMOHI publication
9624244390

કર્તવ્ય
એક બલિદાન
અંકિત ચૌધરી "શિવ"

પ્રસ્તાવના:-

આ વાત છે એક એવી છોકરી મેઘાની, જેને માત્ર સોળ વર્ષની ઉંમરમાં જ તેના પિતાએ પચાસ વર્ષના પુરુષ જગા સાથે પરણાવી દીધી હતી.. તેના પતિ જગાએ પછી તેને ગુડિયા શેરી નામની બદનામ ગલીમાં વહેચી દીધી! ગુડિયા શેરીમાં આવ્યા પછી મેઘાની માન અને સન્માન માટેની લડાઈ શરૂ થઈ ગઈ હતી. મેઘા ગુડિયા શેરીમાં પોતાનું જીવન નિર્વાહ કરવા લાગી, એ દરમિયાન એને રોહન અનંત નામના બિઝનેસમેનથી પ્રેમ થઈ ગયો હતો. રોહન અને મેઘાનો પ્રેમ એટલો મહાન હતો કે ગુડિયા શેરીમાં રહેવા છતાં પણ મેઘા ગણિકા બનતી નથી! દોઢ વર્ષ જેટલો સમય ગુડિયા શેરીમાં વિતાવ્યા પછી મેઘાએ કેશવ નામની એક સુંદર દીકરીને જન્મ આપ્યો! મેઘાની દીકરી ગુડિયા શેરીનું ઉજ્જવળ ભવિષ્ય લઈને જન્મી હતી એટલે ગુડિયા શેરીમાં ચાલતા ધંધા કેશવના આવવાથી બંધ થઈ ગયા હતા.

થોડા સમય પછી મેઘા અને રોહનના લગ્ન કરાવવામાં આવ્યા અને મેઘા અનંત પરિવારનો હિસ્સો બની ગઈ! જ્યાં તેને પહેલાં ખુબ પ્રેમ મળી રહ્યો હતો પણ એક એમ. એમ. એસ. ના લીધે તેનું માન સન્માન દાવ ઉપર લાગી ગયું હતું! મેઘા પોતાનો તિરસ્કાર સહન કરી શકતી નથી એટલે તે પોતાની દીકરીને લઇને અમદાવાદ આવી ગઈ હતી. અમદાવાદ આવ્યા પછી મેઘા એક નવી ઓળખાણ સાથે આત્મનિર્ભર બનવાનું સ્વપ્ન જોવા લાગી હતી, પણ તેના રસ્તામાં અવાર નવાર મુસીબત આવી જતી હતી. અવનિ દાસ ખુબજ મહેનત કરીને પોતાનું આત્મનિર્ભર બનવાનું સ્વપ્ન હાસિલ કરી લીધું હતું! અવનિ દાસના આત્મનિર્ભર બન્યા પછી દિલ્હી સરકાર દ્વારા તેનું દિલ્હીમાં સન્માન કરવામાં આવ્યું, જ્યાં રોહન પણ પહેલાંથી હાજર હતો. વર્ષો બાદ રોહન અને મેઘાનું પુનઃ મિલન થયું અને મેઘા આખરે એક સન્માન ભરી જિંદગી જીવવા લાગી હતી.

Notion - https://bit.ly/3jTA5dC
Amazon - https://amzn.to/3BXNRCi
Flipkart - https://bit.ly/2X0xIgB

કિંમત - 200
પેજ - 170
વજન - 350 ગ્રામ

દીપાવલી પદ્ય સ્પર્ધા 2021
પરિણામ

નિર્ણાયક સંગીતા ચૌહાણ "તપસ્યા"



ગઝલ

થાય દીવો ભીતરે ઉલ્લાસની દીપાવલી છે,
કેટલા આનંદના અજવાસની દીપાવલી છે.

જે તમસની હાર ઝળહળ જીતનો સંદશ આપે,
રંગ રંગોળી હ્રદયની આશની દીપાવલી છે.

ક્યાં ગરીબી ક્યાં અમીરી-છે દિલે દિલદાર દૌલત,
સાવ ભૂલો રાગ-દ્વેષો-સ્નેહના સહવાસની દીપાવલી છે.

છે સમયનો પણ તકાજો ને સમયની જીત છે આ -
હા, નવી ધરતી નવા આકાશની દીપાવલી છે.

કૈં યુગોથી દીપ હરદમ ઝગમગે છે હરઘડી,
આજના અનમોલ આ ઇતિહાસની દીપાવલી છે.

-કંચન અમીન

તો સાચી દીપાવલી

મનનાં માળિયાની સફાઈ આદરીએ,
તો સાચી દિપાવલી!
અજ્ઞાનનાં તિમિરને દૂર હટાવીએ,
તો સાચી દિપાવલી!
રાગદ્વેષનાં જાળાં પ્રેમે પાડી નાંખીએ,
તો સાચી દિપાવલી!
ઈર્ષા વેરઝેરની ગાંઠો છુટી પાડી નાંખીએ,
તો સાચી દિપાવલી!
ષડરિપુનાં ફટાકડા પૂરા
ફોડી નાંખીએ,
તો સાચી દિપાવલી!
નફરતની લાંબી લૂમો સળગાવીએ,
તો સાચી દિપાવલી!
લાગણીનાં પાકા રંગે ભીંત ચીતરાવીએ,
તો સાચી દિપાવલી!
આંગણે આવકારની રંગોળી રચાવીએ,
તો સાચી દિપાવલી!
હૈયાનાં ટોડલે હરખનાં તોરણ સજાવીએ,
તો સાચી દિપાવલી!
અંતરનાં કોડિયે આશાનો દીપક જલાવીએ,
તો સાચી દિપાવલી!
ઉમંગ ઉત્સાહનાં ઉરે ફાનસ લટકાવીએ,
તો સાચી દિપાવલી!
સંબંધોમાં પ્રેમ કરુણાની મિઠાઈ વહેંચીએ,
તો સાચી દિપાવલી!
શ્રધ્ધા વિશ્વાસનાં નવા વાઘાં પહેરાવીએ,
તો સાચી દિપાવલી!
ભાવનાની ભિનાશે સ્વજનોને સત્કારીએ,
તો સાચી દિપાવલી!
સૌનાં મનમંદિરે બિરાજિત રામને નિહાળીએ,
તો સાચી દિપાવલી!
દિ'વાળે એવી યર્થાથ દિવાળી મનાવીએ,
તો સાચી દિપાવલી!

નયના ઠક્કર 'પ્યાસી'

Congratulations

ગઝલ

અજવાસનો ઉત્સવ મનાવો, આજ છે દીપાવલી.
આનંદનો સંગમ કરાવો, આજ છે દીપાવલી.

સુંદર સજાવી દ્વારને,તોરણ લગાવો હેતના,
ફૂલો ભરી સંગત હસાવો,આજ છે દીપાવલી.

ઈર્ષા તણાં બાવા ઉખેડી દિલ કરી લો સાફસૂફ,
દિલના ઉમંગોથી વધાવો,આજ છે દીપાવલી.

ભાવો તણાં બસ રંગ પૂરી આજ રંગોળી કરો,
અંતર ઉજાળીને થમાવો,આજ છે દીપાવલી.

ને સ્મિત રેલાવી અધરથી સ્વાગત કરો સૌ જીવનું,
સબરસ સમું જીવન બનાવો,આજ છે દીપાવલી.

મીઠાસથી સન્માન મહેમાનો તણું હો સ્નેહથી,
અમૃત સભર ગળપણ ધરાવો,આજ છે દીપાવલી.

આંગણ તણી શોભા વધારી,લાગણીના પુષ્પથી,
ઈશ્વર ગણી સગપણ રચાવો,આજ છે દીપાવલી.

-દેવીબેન વ્યાસ 'વસુધા'

દીપાવલી ગદ્ય સ્પર્ધા 2021
પરિણામ

નિર્ણાયક ગજેન્દ્રસિંહ જાડેજા "ઉર્વી"

કિરણબેન શર્મા 'પ્રકાશ'
શીર્ષક : અમરતાની દીપાવલી

દેશભક્તિ, શહાદત અને માનવિય લાગણીઓના તાણાવાણાથી ગુંથાયેલી સુંદર વાર્તા.

સુર્યા સાગરદીપ 'નિર્ઝર'
શીર્ષક : સ્ટુપિડ કોમન મેન

ગરીબી અને અશિક્ષીત તેમજ ભોળી ગ્રામ્ય પ્રજાને થતી પારાવાર મુશ્કેલીઓ અને ભ્રષ્ટાચારથી ખદબદતું સરકારી તંત્ર તેમજ અમલદારોની લાગણી શુન્યતાને હુબહું શાબ્દિક ગુંથણીથી સંજોતી વાર્તા.

તોરલ શાહ 'તોશા'
શીર્ષક : નિર્મોહી

માનવિય લાગણીઓની અપેક્ષાઓ અને તેનો અનાદર, તેમાંથી ઉદ્ભવતી અને સકારાત્મક દ્રષ્ટિકોણ દર્શાવતી સુંદર વાર્તા.

દીપાવલી ગદ્ય અને પદ્ય સ્પર્ધા 2021 પ્રકાશિત થયેલી બુક



Nirmohi Publication

કલશોર

(કાવ્ય સંગ્રહ)

"નિર્મોહી - એક અવાજ" સામયિક



Nirmohi Publication

અમોઘ

(વાર્તા સંગ્રહ)

"નિર્મોહી - એક અવાજ" સામયિક

કલશોર કાવ્ય સંગ્રહ **અમોઘ વાર્તા સંગ્રહ**

રચના શાહ
Yoga therapist

સુખની સવારી

યોગ શિક્ષણ

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्।।
(અધ્યાય ૦૨, શ્લોક ૫૦)

કોઈપણ કામ કરવું હોય તો મનની શાંતિ અત્યંત આવશ્યક છે એકાગ્રતા અને સ્વસ્થતા પણ એની સાથે ખરા! આપણે જે જીવન જીવીએ છીએ તે જીવન સુરેખ નથી. ઝંઝવાટ વગરનું જીવન વળી કયાંથી કલ્પી શકાય? આજે સમગ્ર સમાજની પૂર્વ કે પશ્ચિમની કોઈ પણ સળગતી સમસ્યા હોય તો તે એ છે માનસિક તનાવ! આધુનિક યુગના તણાવ અને થકાવટ ભર્યાં વ્યવહાર સામે ઝીક ઝીલવા માટે યોગ અસરકારક માધ્યમ છે.

આજકાલ આધુનિક વૈજ્ઞાનિક સંશોધનો એ સિદ્ધ કર્યું છે કે વ્યક્તિત્વના વિકાસ માટે યોગ પૂર્ણ પદ્ધતિ છે. ભારતની સંસ્કૃતિના અમર વારસાનો સ્વીકાર પશ્ચિમના દેશોએ પણ કર્યો અને યોગ તરફ દુનિયાનું ધ્યાન દોરાયું છે. દુનિયામાં કેટલાક યોગને માટે જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે, પરંતુ યોગનો સાચો ગર્ભિત અર્થ સમજવો અત્યંત આવશ્યક છે અને તેનું શું પ્રદાન છે, તે પણ સમજવું જરૂરી છે. પ્રાચીન ભારત યોગીઓ અને ઋષિમુનિઓનું કેન્દ્ર છે. પ્રાચીન ભારતમાં શરીર શ્વાસ અને મનનો યોગવિદ્યા દ્વારા ઊંડાણપૂર્વક અભ્યાસ થયો, જેવો ક્યાંય પણ નથી થયો.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે 'હે અર્જુન! તું યોગી થા! ' યોગનું સર્જન એ કોઈ એક યુગમાં માનવી માટે નથી, છતાં આજના યુગમાં તે પરમ ઉપકારક છે. શ્રીકૃષ્ણનો આ ઉપદેશ યોગનું મહત્વ દર્શાવે છે. જે આજના સમય માટે તે ઉત્તમ શિખામણ છે. ગીતા યોગ માટે 'યુક્ત' શબ્દનો પ્રયોગ કરે છે. યુક્તાહાર... વિહારસ્યા... આહાર અને વિહારમાં સંતુલન હોવું જોઈએ. માટે જ કહેવામાં આવ્યું છે કે 'સમત્વં યોગ ઉચ્યતે' - જીવન વ્યવહારનું સંતુલન એટલે યોગ!

શ્રીકૃષ્ણ એ આપેલી 2 સચોટ વ્યાખ્યા પ્રમાણે ,
(1) 'યોગ: કર્મસુ કૌશલમ્' - ભગવદ ગીતા

કર્મમાં કુશળતાને યોગ કહેવામાં આવ્યો છે.
કર્મયોગને ખ્યાલમાં રાખીને આ વ્યાખ્યા આપવામાં આવી છે. કુશળતાનો અર્થ અહીં કર્મ કરવાની બહિરંગ કુશળતા નથી. અહીં કુશળતા દ્વારા કર્મયોગ માટેનું આંતરિક મનોવલણ સૂચવાયું છે. કોઈપણ કામ કરવું હોય તો મનની શાંતિ અત્યંત આવશ્યક છે. એકાગ્રતા અને સ્વસ્થતા પણ એટલા જ જરૂરી છે.આ બધું યોગથી સંભવી શકે છે.

(2) "સમત્વમ યોગઉચ્યતે " - ભગવદ ગીતા

અર્થાત યોગ એટલે સમતા. જે સ્થિતિમાં શરીર અને મનની ક્ષમતા છે, તે વિશેષ અવસ્થા એટલે યોગ. "સમત્વને યોગ કહેવામાં આવે છે"

1)વ્યક્તિના આંતરિક વ્યક્તિત્વની સમતા
2) વ્યક્તિના બહારના વર્તનની સમતા.

ચિત્તની સમયુક્ત અવસ્થાને અહીં યોગ કહેવામાં આવેલ છે વૃત્તિઓમાંથી મુક્તિની અવસ્થાને સાચા અર્થમાં સમત્વ કહેવાય. એટલે આ વ્યાખ્યામાં ચિત્તવૃત્તિ નિરોધની વાત બીજી રીતે કહેલ છે.

યોગ શિક્ષણ

'યોગ' શબ્દ ભારતીય સંસ્કૃતિમાં અદ્વિતીય મહત્વ ધરાવે છે, કારણ કે સમગ્ર વિશ્વની એકમાત્ર સંસ્કૃતિ એ મનુષ્યના જીવનના તમામ સ્તરે પાયાનું મહત્વ ધરાવતા યોગને ન માત્ર જાણવું, સમજવું, પરંતુ તેના અનુસરણ દ્વારા જીવનના તમામ આયામોને કેવી રીતે ઉત્કૃષ્ટ બનાવી સચ્ચિદાનંદ પ્રાપ્ત કરી શકાય છે, તેનો મહાવરો પણ જગતને આપ્યો.

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં યોગના સ્વરૂપને સમજાવતી અનેક વ્યાખ્યાઓ આપવામાં આવી છે. આ વ્યાખ્યાઓનો અભ્યાસ આપણને યોગના યથાર્થ સ્વરૂપને સમજવામાં સહાયરૂપ બનશે! તેમાંની કેટલીક વ્યાખ્યાઓ આપણે અહીં જોઈએ.

મહર્ષિ પતંજલિ, જે વૈજ્ઞાનિક યોગના પ્રણેતા માનવામાં આવે છે તેમને યોગની વ્યાખ્યા નીચે મુજબ કરી છે,

" યોગ: ચિત્તવૃત્તિ નિરોધ:" અર્થાત, ચિત્તવૃત્તિને રોકવી તે યોગ છે.

"યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધની અવસ્થા" - યોગસૂત્ર, 1/2

જેના દ્વારા વ્યક્તિનો સર્વાંગી વિકાસ એટલે શારીરિક માનસિક બૌદ્ધિક અને આધ્યાત્મિક નૈતિક અને આર્થિક વિકાસ શક્ય છે. બહિરંગ અને અંતરંગ યોગના અભ્યાસથી ચિત્તની વૃત્તિઓ નબળી - મંદ પડે છે. છેવટે નિરોધના સતત અભ્યાસ વડે વૃત્તિઓમાંથી ચિત્ મુક્ત થાય છે. અહીં રાજસ અને તામસ વૃત્તિઓનો નિરોધ કરવાનો અને સાત્વિક વૃત્તિઓમાં સંયમ કરવો એમ બંને અર્થ સમજવાના છે. યોગાસન એક એવી સુખપ્રદ શારીરિક અવસ્થા છે, જે શરીરને દ્રઢતા, મનને સ્થિરતા આપીને, તેમને આધ્યાત્મિક વિકાસ માટે તૈયાર કરે છે.

"અથ: યોગ અનુશાસનમ" - યોગસૂત્ર

અર્થાત, યોગ એ સ્વયંશિસ્ત શીખવે છે.

" દુ:ખ સાથે ના સંયોગ માંથી મુક્તિ ને યોગ કહેવાય છે." -ભગવદ ગીતા

દુ:ખમાંથી અત્યાંતિક મુક્તિને યોગ ગણવામાં આવેલ છે. સાંસારિક સુખો અને દુ:ખો બંને વિવેકી જન માટે દુ:ખ જ છે. દુ:ખનો અત્યાંતિક ક્ષય કૈવલ્ય પ્રાપ્તિમાંથી જ થાય છે. એ રીતે જોતાં આ વ્યાખ્યામાં સુખદુ:ખની અવસ્થામાં સ્થિર થવાને યોગ્ય ગણવામાં આવેલ છે.

(WHO) યોગ એટલે સામાજિક, કુદરતી, શારીરિક ,લાગણી જન્ય ,બુદ્ધિ જન્ય, માનસિક, આત્મિક સમાધિની અવસ્થા. જ્યાં, વ્યક્તિ વિશ્વ સાથે એકરૂપતા કેળવે છે એટલે કે, વિશ્વની તમામ વસ્તુઓ સાથે એક થઈ જાય છે. ટૂંકમાં કહીએ તો, યોગ એટલે કુદરતી, સામાજિક, શારીરિક, લાગણી, બૌદ્ધિક અને માનસિક આત્મિક બેલેન્સ. આપણી શારીરિક ક્ષમતા વધારવા તેમજ માનસિક ક્ષમતા વધારવા આપણી શરીરરૂપી બેટરીને ચાર્જ કરવા યોગાભ્યાસ જરૂરી છે.

મનુષ્યની અંદર બધી શક્તિઓ પડેલી જ છે. ફક્ત તે જાગૃત કરવાની છે. યોગ દ્વારા શક્તિ પ્રાપ્ત થાય છે. તેના દ્વારા વ્યક્તિત્વનો વિકાસ, સફળતા, સુખ, સામર્થ્ય ,સમૃદ્ધિ અને શારીરિક તેમજ માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે અને છેવટે આત્મ સાક્ષાત્કાર થાય છે.

"માનવ શરીર એક કાચી માટીનો ઘડો છે. યોગ -અગ્નિ દ્વારા તપાવીને પરિપક્વ કરો" યોગ વિશે વિચારવાથી, વાંચવાથી, વિવાદ કરવાથી, પ્રવચનો સાંભળવાથી, ચર્ચાઓ કરવાથી, કદી એક ટકા જેટલી પ્રાપ્તિ થતી નથી. યોગની અનુભૂતિ માટે, સ્વાસ્થ્ય માટે, ચેતનાની જાગૃતિ માટે, સચ્ચિદાનંદ માટે ફક્ત યોગાભ્યાસ જરૂરી છે.

યોગની અન્ય વ્યાખ્યાઓ જોઈએ:

- કથ ઉપનિષદ પ્રમાણે, "યોગ એટલે મનની એવી સ્થિતિ જેમાં મન ઇન્દ્રિયોના પ્રભાવમાં આવતા એકાગ્ર રહે."
- છાંદોગ્ય ઉપનિષદ "પ્રત્યાહારને યોગ કહે છે."
- bruadaranyaka ઉપનિષદ "પ્રાણાયામને યોગ કહે છે."

યોગ શિક્ષણ

- Shretashvatara ઉપનિષદ "આસનો, પ્રાણાયામ અને પ્રત્યાહારને યોગ કહે છે."
- મહર્ષિ યાજ્ઞવલ્ક્યે " સંયોગો યોગ itukto ivatma paramatmayo.
- કેટલાક લોકો આ આસનને યોગ કહે છે.

- કેટલાક લોકો હઠયોગના આસન અને ક્રિયાઓને યોગ કહે છે.

પરંતુ ,ખરેખર મનુષ્ય માટે અસરકારક, લાભદાયક સહજ-સરળ, પરિણામલક્ષી યોગ, એટલે અષ્ટાંગ યોગ. શરીર ,પ્રાણ,મન અને બુદ્ધિ આ બધામાં સમતા જ યોગ છે. એને પાંચ દિશામાંથી એક દિશામાં વાળવા માટે યોગાભ્યાસ જરૂરી છે.

યોગની જેમ જ, પ્રાચીનકાળથી અંધારી અમાસની રાતને પ્રકાશના દીવડાઓથી શણગારીને દિવાળી મનાવવાની પરંપરા ચાલી આવે છે 'દીપ' એટલે પ્રકાશ અને 'આવલી' એટલે હરોળ. જેમ, દીપાવલીમાં આપણા ઘરના ખૂણે ખૂણે દીપ પ્રગટાવીએ છીએ. એજ રીતે, આપણા હૃદય, શરીર, મન, જીવન, ઊર્જા બધું જ પ્રકાશિત દીપની જેમ હોવું જોઈએ.

જેમ, દીપાવલીમાં આપણા ઘરના ખૂણે ખાંચરેની દરેક જગ્યા પરથીનાનામાં નાનો, ઝીણામાં ઝીણો કચરો પણ દૂર કરવાનું અને ઘરને સ્વચ્છ બનાવી માતા લક્ષ્મીનું સ્વાગત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. બસ એજ રીતે શરીર રૂપી મંદિરને પણ રોજ સ્વચ્છ કરવું જોઈએ અને રોજ ઉપયોગી એવા પ્રકાશ ફેલાવવા યોગ કરવા જોઈએ. જીવનને અંધારાથી પ્રકાશમાં લઈ જનાર યોગને અપનાવવો જોઈએ.

"શુભ દિપાવલી.."

યોગ વિષે થોડું વધારે આવતા અંકે. મળીશું.

રચના શાહ

STRENGTH
SPEED

નેહા વારસુર
મોટીવેશનલ રાઈટર

વિચારોની લહેર...

પાછું વળીને નહીં જોવાનું

આપણી લાઈફમાં જે દુ:ખ દર્દો હોય છે તેમાં ક્યાંક કોઈક રીતે આપણે જ જવાબદાર હોઈએ છીએ.

અમુક બાબતો આપણને ખબર જ હોય છે છતાં આપણે એ તરફ જ જઈએ છીએ, એ તરફ જઈને દુ:ખી થઈએ છીએ પછી કહીએ છીએ,"મારી સાથે જ કેમ આવું થયું?"

"મારો શું વાંક?"

"મેં શું કોઈ નું બગાડ્યું છે?"

"ભગવાનને હું જ દેખાવ છું?"

"મારી તો કિસ્મત જ ખરાબ છે"

પણ શોખ તો આપણને જ હતો ને ડેન્જર ઝોનમાં જવાનો.

ખબર જ છે અમુક જગ્યાએ 'નો એન્ટ્રી'નું બોર્ડ લાગેલું છે છતાં જવા જ દેવાનું દે ધનાધન પછી અથડામણ થાય કે ફાઇન લાગે ત્યારે ખબર પડે હમસે ગલતી હુઈ હે.
અહીં તમારો અને મારો બધાનો સમાવેશ થઈ જાય છે અને હું જે ટોપિક પર વાત કરી રહી છું એ છે પ્રેમ.

હા, આ લવ જ છે જેને ૯૦% જનરેશનને બરબાદ કરી નાખી છે. છતાં સિંગલીયા લવમાં પડવા માંગે છે. ઘણા બ્રોકન હાર્ટ પણ હશે.

જે સિંગલ છે એ દુ:ખી છે કે એમને કોઈ લવ નથી કરતું,
જે લવમાં છે તેને દગો મળે છે,
બન્ને તરફથી સાચો પ્રેમ હોય તો ઘર, પરિવાર, સમાજ વગેરે નડી જાય છે.

છતાં બધાને લવ ગમે છે,
લવમાં પડવું,
લવમાં હેરાન થવું,
લવમાં રડવું,
લવમાં બરબાદ થવું વગેરે....

જો કે એવું પણ જરાય નથી કે લવમાં બરબાદી જ હોય છે(જોકે મોસ્ટ ઓફ તો હોય જ છે) પણ જો સામે સારું અને સાચું પાર્ટનર મળી જાય અને આજુબાજુના પણ બધા રાજી થઈ જાય તો પ્રોબ્લેમ જ શું હોય?

પણ એવું બહુ જ રેર કેશમાં થાય બાકી જ્યાં જુઓ ત્યાં બ્રોકન હાર્ટ, પેઇન, લવમાં દુ:ખી અને બરબાદ લોકો જ જોવા મળે છે છતાં હિંમત નથી થતી લવને નફરત કરવાની.

દિલમાં એક આશા તો પણ રહે છે કે એકવાર દિલ તૂટે, એકવાર ખરાબ નસીબ નીકળે બીજી વાર તો બધું ઠીક જ થઈ જશે.

વેલ આ બધી વાતો આજે એટલા માટે કરી રહી છું કે હમણાં મેં મારી આસપાસ આવું બહુ જોયું છે.

પાછું વળીને નહીં જોવાનું

પણ સોલ્યુશન શું છે આનુ?

કોઈને લવમાં બરબાદ થતા અટકાવવા માટે તેને લવમાં જ ન પડવા દેવા...?
તમે કહેશો અને એ માની જશે?
સાહેબ કીડો હોય છે બધાને લવમાં પડવાનો.

અને હવે તો નવી જ ફેશન નીકળી છે,
લવ ના સહી ટાઈમપાસ હી સહી, તેનાથી પણ વધુ આગળ ઘણું બધું જે આપણે મુવીઝમાં જોઈએ જ છીએ. આ ફાસ્ટ ફોર્વર્ડ ઈન્ટરનેટના મોર્ડન યુગમાં ઇન્સ્ટન્ટ લવની બદલે સાચે દિલથી નિભાવવાવાળો પ્રેમ કોઈ કરતું હશે?

એક સાચું હોય તો બીજું દગો આપે, બન્ને સાચા હોય તો પરિવાર ન માને. અને આમાં જ ઘણા લવ મેરેજના સપના જોતા જોતા અરેન્જ મેરેજમાં જીવન ગાળી લે છે. ઘણા ખુશ પણ રહે છે અને ઘણાને જેમ પ્રેમ નથી ફળ્યો તેમ લગ્ન પણ નથી ફળતા. નસીબ નસીબની વાત છે બીજું તો આપણે શું કહી શકીએ કે કરી શકીએ?

લવમાં ફેઈલ થયા પછી લાઈફ ટફ લાગે છે, ભગવાનથી ઘણી ફરિયાદો થાય છે, જેને ચાહતા હોઈએ તે જ માથાનો દુઃખાવો લાગે છે, તેની પર ગુસ્સો આવે અને પ્રેમ પણ. ખબર જ હોય કે એ ક્યારેય મળવાનું જ નથી છતાં તેને બેવકુફોની જેમ ચાહવાનો શો અર્થ?

પણ વિરહની વ્યર્થાની પણ એક અલગ જ વાત છે,
મળવાનું જ હોય, નસીબમાં હોય ત્યારે તો દરેક વ્યક્તિ મહેનત કરે પણ જે ક્યારેય મળવાનું જ ન હોય, નસીબમાં જ ન હોય, સાથે રહેવું શક્ય જ ન હોય છતાં તેને પાગલોની જેમ ચાહવું, પૂરો દિવસ તેના વિચારોમાં બરબાદ કરવો. આને તમે સાચા આશિક પણ કહી શકો અને મૂર્ખ પણ, કારણ કે એ મૃગજળ પાછળ ભાગે છે.

પણ તેને આશા છે એટલે અને એક દિવસ એ આશા તૂટે છે પછી જીવન અસહ્ય લાગે છે. જીવન પરથી, લોકો પરથી, ભગવાન પરથી વિશ્વાસ ઉડી જાય છે, મગજમાં વિચારોનું પુર આવી જાય છે, હદયમાં લાગણીઓનું ત્સુનામી આવી જાય છે પણ કરી કંઈ જ શકાતું નથી.

પ્રેમ કરવો કે પ્રેમમાં પડવું ગુનો નથી કે એ નથી હાનિકારક પણ જેને ચાહો એ ન મળે અને તેના વગર રહી ન શકાય એ જરૂર હાનિકારક છે.તમારી સાથે કોઈએ સારો એવો સમય ગાળ્યો હોય, તમે ખૂબ પ્રેમ કર્યો હોય, ઝગડા પણ કર્યા હોય, અલગ પણ થયા હોય અને પછી એ વ્યક્તિ હમેંશા માટે કોઈ અન્યનું થઈ જાય તો કેવું ફીલ થાય?

જીવન અસહ્ય લાગે ને? પણ પહેલાથી જ મગજમાં એ ફિક્સ રાખીએ તો કે એ તો મારું છે જ નહીં, એક દિવસ તો જરૂર અન્યનું થશે તો આટલી તકલીફ થાય?
અફકોર્સ થાય! જેને સાચો પ્રેમ કર્યો હોયને એ બહુ હેરાન થાય છે. અને એટલે જ લોકો કહે છે કે પાછું વળીને નહીં જોવાનું, જે વીત્યું એ વીત્યું, જે ગયું એ ગયું, તારું હશે એ કોઈ નહીં લઈ જાય અને જે તારું નહીં હોય એ તને ક્યારેય નહીં મળે.

કહેવું કેટલું સરળ છે ને? પણ તેનો અમલ કરવો અઘરો.

દિલ તૂટ્યા પછી,
સબંધ છૂટ્યા પછી,
કોઈ છોડીને ગયા પછી,
પુરી હિંમતથી પ્રયત્ન કરવો કે પાછું વળીને ક્યાંય ફરી એ તરફ ન જોવાય જાય.
નહીં તો ફરી એ જ બધુ દિલ દુભાવવાનું શરૂ થઈ જશે તેનાથી બેટર છે કે પાછું વળીને જોવાનું જ નહીં.

નેહા વારસુર "માધ્વાર્થ"

2

ખુદને મોટીવેટ કઈ રીતે કરવા?

જ્યારે તમારા જ લોકો તમારી વિરુદ્ધ હોય ત્યારે ખુદને મોટીવેટ કઈ રીતે કરવા?

જ્યારે આપણા જ લોકો આપણી વિરુદ્ધ હોય ત્યારે મનની શાંતિ જાળવી રાખવી એ ખૂબ જ મુશ્કેલ બની જતી હોય છે, પરંતુ પ્રયત્નથી આપણે તે જરૂર કરી શકીએ છીએ. જ્યારે કોઈ પારકું આપણને કંઈ કહી જાય ત્યારે આપણને એટલો ફરક પડતો નથી પરંતુ આપણી પ્રગતિમાં જ્યારે આપણા જ લોકો આપણી વિરુદ્ધ હોય ત્યારે આપણા કાર્યમાં ટકી રહેવું અને તે લોકોને પણ જવાબ આપવો ઘણો મુશ્કેલ થઈ પડે છે, ઉપરથી એ લોકોને જવાબ આપતાં શીખવો પડે છે, જેથી એ આપણને આગળ વધતાં રોકી ના શકે!

આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ?

સૌપ્રથમ તો ભગવાનમાં શ્રદ્ધા રાખવી ખૂબ જરૂરી છે. જો ભગવાનમાં શ્રદ્ધા હશે તો તમારી વિચારધારા બહુ સ્પષ્ટ થશે. જીવનમાં કોઈપણ ખરાબ કે સારો પ્રસંગ બનશે, તેને તમે સહજ રીતે સ્વીકારી શકશો. સ્વીકારી લો કે બધું ભગવાનની ઇચ્છાથી થાય છે, એટલે જે કંઇપણ થાય છે, એ મારા સારા માટે જ થતું હશે. કેમકે હું ભગવાનનું સંતાન છું. જો આ દ્રષ્ટિકોણ રાખશો તો જ ઈશ્વર તમારી પ્રગતિ અને સુખનું કારણ બનશે. જીવનમાં સારા - નરસા પ્રસંગો બનવાના જ છે. કેટલાક સુખદાયી હોય છે તો કેટલાક દુ:ખદાયી હોય છે પરંતુ આપણે તે બદલી શકતા નથી.

તમારે બહાર જવું છે અને વરસાદ પડે છે તો તમે તે વરસાદને નહીં રોકી શકો, પરંતુ જો તમારે પલળવું ના હોય તો છત્રી કે રેઈનકોટ તમારે સાથે લઈને બહાર નીકળવું પડશે. એજ રીતે જીવનમાં ના ગમતા પ્રસંગો અટકાવવા માટે તમારે છત્રી કે રેઈનકોટ સાથે રાખવા પડશે! તમારી ડિફેન્સીવ સિસ્ટમ તમારે જ મજબૂત બનાવવી પડશે.

આપણું મગજ ખૂબ જ નબળું છે. નબળો પોઇન્ટ જલ્દી ગ્રહણ કરે છે. 'પેલાએ મને આવું કહ્યું. હવે સમાજમાં મારે શું મોઢું બતાવવાનું? મારા જ લોકો મારાથી વિરુદ્ધ જાય છે.' તમારા આ જ વિચારો મગજ ઉપર કબજો કરી લેશે અને તમને નબળા પાડતા જશે, તમારો કોન્ફિડન્સપાવર નાશ પામશે. તમારા વિરોધીઓ આ જ તો ઈચ્છતા હોય છે કે તમે ક્યારે નબળા પડો.

આનાથી બચવા માટે પહેલાં તો તમારા મનને હાથી જેવું મજબૂત કરો. તમારી મસ્તીમાં ચાલો, કૂતરાઓ તો ભસતા રહેશે! અને એનાથી હાથીની મસ્તીભરી ચાલમાં કોઈ ફર્ક પડતો નથી. લોકો તો સારી અને ખરાબ બન્ને વાતો કરવાના જ છે. પરંતુ તમે તમારું માનસિક સંતુલન ના બગાડો. તમારી વિરુદ્ધ લોકોને બોલવા દો. તમારે એવું જ રીએક્ટ કરવાનું છે કે તમને કોઈ ફર્ક પડતો નથી. અને શા માટે પડવો જોઇએ? તેમાંથી કોઈ તમારું કામ આવીને ઓછું કરી જવાનું નથી કે તમારું બગડેલું કામ સુધારી દેવાનું નથી. તો પછી એ લોકોની વાતો સાંભળીને શા માટે અશાંત થવું પડે? ઈશ્વરમાં શ્રદ્ધા રાખો કે હું જે કામ કરી રહ્યો છું તે બરાબર છે. સચ્ચાઈ અને પ્રામાણિકતાને વળગી રહો. લોકોની વાતમાં ન આવો. તમારી વાત પર અડગ રહો તો તમારા વિરોધીઓ આપોઆપ ચૂપ થઈ જશે.

ધારો કે તમે કોઈ પાર્ટીમાં જવા માટે સરસ તૈયાર થયા છો. તમે અરીસામાં જુઓ છો અને તમને પણ ગમે છે કે તમે આજે સરસ લાગો છો. પરંતુ પાર્ટીમાં જ્યારે તમારું પોતાનું જ આવીને કાનમાં કહી જાય કે તમને ડ્રેસ બરાબર લાગતો નથી તો તમે વિચલિત થઈ જશો. થોડી વાર પછી આવીને કોઈ બીજું કહેશે કે આજે તમે બહુ સારા નથી લાગતા તો તમે ચિંતામાં મુકાઈ જશો અને જો કોઈ ત્રીજું આવીને એજ વસ્તુ કહેશે તો તમે તમારી પાર્ટીનો આનંદ ગુમાવી બેસશો. તમે પાર્ટી છોડીને જતા રહેશો. આવું કેમ થાય છે? તમે તો સરસ તૈયાર થયા હતા. તમને ગમ્યું પણ હતું. છતાં પણ તમે બીજાની વાતમાં આવી ગયાં.

ખુદને મોટીવેટ કઈ રીતે કરવા?

તમારું કમજોર મન તે સ્વીકારી ના શક્યું અને તમારી સ્વસ્થતા ગુમાવી બેઠા. તો નુકસાન તમને જ થયું. આવું ના થવા દો. એ માટે સૌથી સહેલું એ લોકોની વાતને સાંભળીને હસી કાઢો. અથવા તો તેમની સામે જ કહી દો કે તમને એવું લાગતું હશે પરંતુ મારો તો આ મનપસંદ પોશાક છે. હવે ફર્ક તમને નહિ, કહેવાવાળાને પડશે. બસ મગજને તમારે આ રીતે કેળવવાનું છે અને તમારા વિરૂદ્ધ લોકોની બોલતી બંધ આ રીતે કરવાની છે. ચાહે કોઈપણ પરિસ્થિતિ હોય, સામે કોઈપણ વ્યક્તિ હોય પોતાની કે પારકી, તમારા મનનું સંતુલન જાળવી રાખો.

જો તમારું મન કોઈપણ પ્રસંગમાં સારું વિચારશે તો તમે સારું અનુભવશો અને જો તમે એમાં વાંધા કાઢશો તો તમારું મન એ પ્રસંગનો આનંદ નહી ઉઠાવી શકે. ધારો કે તમે ગાડી લીધી અને એક બે નાના એકસીડન્ટ થયા. કોઈ આવીને તમને કહેશે કે ગાડી અપશુકનિયાળ છે. વેચી દો! પરંતુ જો તમે વિચારશો કે ગાડી અપશુકનિયાળ નહીં પણ શુકનિયાળ છે. એકસીડન્ટ થયા પરંતુ કોઈને કંઈ વાગ્યું તો નથી ને! તો સામેવાળાની બોલતી બંધ થઈ જશે.

જીવનમાં જે પ્રસંગ બને છે તેની અસર 10 ટકા હોય છે પરંતુ તમે એને કેવી રીતે જુઓ છો એની અસર તમારા જીવનમાં ૯૦ ટકા પડે છે. કોઈપણ પરિસ્થિતિમાં આનંદમાં રહેવું એ આપણો અધિકાર છે પરંતુ આ અધિકારનો આપણે ઉપયોગ નથી કરતા. ઉતરાયણમાં કોઈ તમને એમ નથી પૂછતું કે કેટલા પતંગ ચગાવ્યા? કેટલા કાપ્યા? તેમાં જ બધાને રસ હોય છે.

અમુક કોઈના સ્થિર પતંગ જોઈ નથી શકતા. કેટલાક તો લંગર નાખવામાંથી જ ઊંચા નથી આવતાં. કોઈનું સારું જોઈને તેના પેટમાં તેલ રેડાય છે. કોઈને તકલીફ ના થઈ એ જોઈને તકલીફ બીજાને થાય છે. આવું ના થાય તે માટે માનસિક વિકાસ કેળવો. મનને સકારાત્મક રાખો. રોજ સવારે યોગ, પ્રાણાયામ કરો. મનને એવું મજબૂત બનાવો કે કોઈ બોલી જાય કે કોઈ તમારાથી આગળ નીકળી જાય તો પણ તમને કંઈ જ ફરક ના પડે બસ જો આટલું શીખી ગયા તો તમે કોઈપણ પરિસ્થિતિમાં જીવનનો આનંદ માણી શકશો અને સફળ થઈ શકશો. તો મનને શાંત રાખતાં શીખો અને સૌથી જરૂરી ખુદ ઉપર વિશ્વાસ રાખતાં શીખો..

ભારતી ભંડેરી

રાજુલ શાહ
અમેરિકા.

ચાલો ફરી લઈએ...

ચંદ્રના અજવાળામાં નહાતો કુંભલગઢ..

ચંદ્ર પરથી ચીનની દીવાલ પછી જો નજરે પડતી હોય તો તે છે કુંભલગઢ ફરતે ૩૬ કિ.મી લાંબી અને ૨૬ ફીટ પહોળી દીવાલ ધરાવતી રચના.એક સાથે આઠ ઘોડા જોતરેલા રથ સહિત સેના પ્રસાર થઈ શકે તેવી દીવાલને ચીનની દીવાલની લઘુ આવૃત્તિ કહી શકાય.

ઉદયપુરથી બે કલાકના માર્ગે અને જયપુરની દક્ષિણે આવેલા કુંભલ ગઢને મૌર્ય સામ્રાજ્યના ઐશ્વર્યનું-ભવ્યતાનુ પ્રતીક માનવામાં આવે છે.રાજસ્થાનમાં મેવાડ સામ્રાજ્યના અતિ દુર્ગમ કુંભલગઢને સર્મથ કહી શકાય તેવા મોગલો પણ પરાસ્ત કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ૧૯૧૪ મીટર ઊંચી ગિરિમાળા ઉપરનો આ કુંભલગઢ ભુતકાળના રાજપૂત રાજ્યના ભવ્ય પ્રતીક સમો આજે પણ એવી જ ભવ્યતા સાથે સાથે પેનોરમિક વ્યૂના લીધે લોકોમાં એટલો જ આકર્ષણરુપ રહ્યો છે. ૧૫મી સદી દરમ્યાન બંધાયેલો આ કુંભલગઢ ચિત્તોડગઢ જેવી જ મહત્વની કિલેબંધી ધરાવે છે.૩૬ કિ.મી.લાંબી દિવાલ અને સાત મજબૂત દરવાજાથી ઘેરાયેલા કુંભલગઢ તેનાથી જ આરક્ષિત છે.પરંતુ વિધિના વક્રતા એ છે કે રાણા કુંભની હત્યા આ જ કિલ્લામાં તેના દીકરા ઉદયે કરી હતી.

કુંભલ ગઢ સાથે જોડાયેલી તેની કેટલીક સ્થાનિક જગ્યાઓ છે જે પોતાની એક જુદી જ વાત કરી જાય છે. કુંભલગઢના સાત દરવાજા પણ પોતાની અલગ ઓળખ સમા છે.

કુંભલગઢની અંદર જ આવેલો કતારગઢ વળી એક નવી-એક અનોખી ભાત ઉપસાવે છે.રાણા કુંભ દ્વારા બંધાયેલા જુના મહેલને પાડીને ત્યાં મહારાણા ફતેહસિંહે મહેલ બંધાવ્યો.

કતારગઢમાં લગભગ ૩૬૫ મંદિરો છે. જેમાં ભગવાન શિવને સમર્પિત એવા એક વિશાળ શિવલિંગનો સમાવેશ છે.

સોથી પ્રથમ અને પડકાર સમી અરેટ પોળ તેની નજીક આવેલા અરેટ ગામના નામ પરથી જાણીતી છે. કુંભલગઢનો આ દરવાજો કટોકટી સમયે અરીસા દ્વારા પ્રતિબિંબિત કરીને બીજા તમામ દરવાજા સુધી સંદેશો પહોંચાડી શકાય તેવી રચના ધરાવતો રહ્યો.

બીજી હલ્લાપોળ-૧૫૬૭માં મોગલ લશ્કરે કરેલો હુમલો એટલો વિનાશકારી રહ્યો હતો કે આજના વર્તમાન સમયે પણ આ દરવાજા પર તોપમારાનાં નિશાન યથાવત છે. અહીં ભવિષ્યની કટોકટીને ધ્યાનમાં રાખીને બનાવેલી રચના પણ છે. જો બનવાકાળે પરદેશી રાજ્ય ગઢ તોડવામાં સફળ બને તો ત્યાં ભૂગર્ભમાર્ગ છટકબારી હોવા ઉપરાંત સૈન્યને હુમલા સામે ચેતવણી આપવા હાકલથી સંદેશો પહોંચાડવા ઉપયોગી હતો.

કુંભલગઢની ત્રીજી અને ભગવાન હનુમાનજીના નામે જ સમર્પિત એવી હનુમાનપોળ માટે કહેવાય છે કે મહારાણા કુંભે મેવાડના મંદોરની પ્રતિબિંબ સમા આવાસની આભા આપી છે.

ચોથી ભૈરવપોળ ૧૯મી સદીના દેશનિકાલ પામેલા મુખ્યમંત્રીના નામ પર આધારિત છે. આ દરવજો કલા-કારીગીરીના તે સમયનો ઉત્કુષ્ટ નમૂનો છે.

ચંદ્રના અજવાળામાં નહાતો કુંભલગઢ....

કુંભલગઢની પાંચમી પાઘરાપોળ નામે ઓળખાતો આ દરવાજો યુધ્ધ પહેલાં જ્યારે હયદળનું એકત્રીકરણ કરવામાં આવ્યું ત્યારે ત્યાંથી પસાર થતા ઘોડેસવારોને આપવામાં આવતા પીણાં (મધના પ્યાલા) માટે જાણીતો છે. બાજુમાંઆવેલા પહેરા (ચોકી) માટેનો મિનારો પણ ઘણી જુની રચના છે.જે લગભગ ૮ મીટર પહોળી દિવાલ ધરાવે છે.

તોપખાનાપોળ નામે જાણીતો છઠ્ઠો દરવાજો 'તોપ દરવાજા' તરીકે પણ ઓળખાય છે. અહીં પણ એક ભૂગર્ભ માર્ગ છે જે છટ્કી જવાના ગુપ્ત માર્ગ તરીકે ઉપયોગમાં લેવાય છે. ગઢના સલામતી પરિબળ તરીકે તેની રચના કરવામાં આવી હતી.

ઇતિહાસ સાક્ષી છે પન્નાદાઇની કર્તવ્ય પરાયણતાનો, કાકાની તાજ માટેની- રાજ માટેની તીવ્ર લાલસા જ્યારે બાળ ઉદયસિંહની હત્યા કરવા પ્રેરિત થાય છે ત્યારે બુંદીથી પન્નાદાઇ બાળ ઉદયસિંહને બચાવીને જ્યાં ઉદયસિંહને છુપાવીને ઉછેર કરે છે તે નીમ્બુપોળ કુંભલગઢની પશ્રિમે એની મંત્રમુગ્ધ કરતી ગૃહરચના થકી સ્થાપિત છે. કુંભલગઢને જ ત્યારબાદ પોતાનો રહેવાસ બનાવી રાજા ઉદયસિંહે મેવાડની રાજ્યસત્તાનો ઉદય કર્યો અને લેક સિટી તરીકે પ્રખ્યાત ઉદેપુરની સ્થાપના કરી.

તદ્દપરાંત કુંભલગઢની રામપોળ અને વિજયપોળની વચ્ચે ત્રણ પથ્થરની મૂર્તિઓ જોવા મળે છે. લોકવાયકા એવી છે કે રાજવંશની ત્રણ મલિન સ્ત્રીઓએ ગઢમાં પ્રવેશવા માટેના ગુપ્ત દરવાજા વિશે માહિતી આપી દુશ્મનોને મદદ કરવા પ્રયત્ન કરેલો. એની સજારુપે તે સ્ત્રીઓને દીવાલમાં જીવતી ચણી લેવામાંઆવી હતી. ફરી આવી ભૂલ ન થાય તેવી યાદ અપાવતી એ પથ્થરની મૂર્તિઓ દીવાલના આગળના ભાગે મૂકવામાં આવી છે.

રાણા કુંભની આજ્ઞાથી રચેયાલો ૩૭ મીટર ઊંચો ૯ માળનો પ્રભાવી મિનારો 'વિજય સ્તંભ' નામે ઓળખાય છે. ૧૪૫૮માં તેની રચના પૂર્ણ થઈ હતી.તેનો 'વિષ્ણુ સ્તંભ' તરીકે પણ ઉલ્લેખ કરવામાં આવે છે. આ મિનારો હિંદુ દેવ દેવીઓના અત્યંત સુંદર શિલ્પોથી તેમજ રામાયણ-મહાભારતની પ્રાસંગિક કથાના નયનરમ્ય ચિત્રોથી સુશોભિત છે.

કુંભલગઢમાં ફતેહ પ્રકાશ મહેલ તેની એડવાન્સ વેન્ટિલેશન સિસ્ટમ માટે ખ્યાતિ પામેલો છે. તે જમાનામાં ચીમનીની સિસ્ટમ ધરાવતાં રસોડા અહીં જોવા મળતા. ફ્તેહપ્રકાશ મહેલનો દરબાર હોલ તેની સજાવટ અને પેન્ટિંગ માટે ,જ્યારે ગણેશ મંદિર તેમજ દરિયાથી ૩૮૦૦ફુટ ઊંચાઇએથી પનોરમિક વ્યુ માટેનું આકેર્ષણ છે.

બાદલ મહેલ તેના નામ પ્રમાણે સોથી ઊંચાઇએ આંબતી રચના માટે ખ્યાત છે. ગઢની ફરતે પ્રાકૃતિક સોદર્યનો વ્યુ ધરાવતો કુંભલગઢનો આ સોથી સુંદર મહેલ છે.તેના આવાસો નાજુક પેસ્ટલ રંગોનાં ભીંતચિત્રોથી સુશોભિત છે.આપણા સમૃદ્ધ ઐતિહાસિક વારસા સમો કુંભલગઢ અમદાવાદથી ૩૩૫ કિ.મી.અંતરે છે.જ્યારે ઉદેપુરથી ૮૦ કિ.મી.ના અંતરે છે.

જેને ઈતિહાસની જાણકારી છે અને ઐતિહાસિક સ્થળ, સ્થાપત્ય જોવા, જાણવાની ઉત્સુકતા છે , એમના માટે કુંભલ ગઢ મુલાકાત લેવી જોઈએ.

આલેખન રાજુલ શાહ

દીપાવલી...

શુભમ ભવતુ..

વૃક્ષમાંથી લાકડું થઇને બારણું બની ગયેલાં તમારાં સમયને કોઈની નજરનું લીલું તોરણ બંધાય ત્યારે સમજવું કે દિવાળી છે. અમાસની રાતનો ઘોર અંધકાર લાખો દીવાનાં પ્રકાશ સામે પરાસ્ત થયો ને બસ ત્યારથી ભારતવર્ષની સાંસ્કૃતિક પરંપરામાં એક સ્વર્ણિમ ક્ષણનો ઉમેરો થયો જે દીપોત્સવ, દીપાવલી કે દિવાળીનાં નામે ઓળખાયો. ‘દીપ’ એટલે ‘પ્રકાશ’ અને ‘આવલી’ એટલે ‘હરોળ'. આ પ્રકાશની હરોળને દર વર્ષે દીવડાઓ પ્રગટાવીને ઉજવવામાં આવે એ દીપાવલી કે દિવાળી.

શ્રી રામની અયોધ્યા પરત ફરવાની તારીખને લઈને ઈતિહાસકારોમાં પણ ઘણી વાત મતમતાંતર જોવા મળે છે. શું આપણે ક્યારેય વિચાર્યું છે કે દર વર્ષે દશેરાનાં માત્ર ૨૧ દિવસ પછી જ દિવાળી કેમ આવે છે? વાલ્મીકિ રૂષિએ રામાયણમાં લખ્યું છે કે ભગવાન શ્રી રામને શ્રીલંકાથી અયોધ્યા સુધી પગપાળા ચાલવા માટે ૫૦૪ કલાક લાગ્યા. હવે જો આપણે ૫૦૪ કલાકને ૨૪ કલાકથી વિભાજીત કરીએ તો જવાબ આવે એકવીસ દિવસ.

મેં પણ કુતુહલતાથી ગૂગલ મેપ પર સર્ચ કર્યું હતું અને એ દર્શાવે છે કે શ્રીલંકાથી અયોધ્યા સુધી ચાલવાનું અંતર ૩૧૪૫ કિલોમીટર છે અને લેવાયેલો સમય ૫૦૪ કલાક છે. એટલે આમ જોવા જઈએ તો દશેરા પર રાવણનો વધ કરી અને લંકાથી અયોધ્યા પરત ફરતાં શ્રી રામને ૨૧ દિવસ લાગ્યા હતાં. હાલમાં, ગૂગલ મેપ્સ સંપૂર્ણપણે વિશ્વસનીય માનવામાં આવે છે. પરંતુ આપણે ભારતીયો તો ત્રેતાયુગથી દશેરા અને દીપાવલીની ઉજવણી કરતા આવ્યા છીએ, અને આજદિન સુધી પરંપરા મુજબ ઉજવી રહ્યા છીએ. સાચે જ આપણી સનાતન હિન્દુ સંસ્કૃતિ કેટલી મહાન છે. અંધકાર સામે પ્રકાશનાં શાશ્વતી વિજયનું પ્રતિક એટલે દિવાળી.

તો ચાલો અંતરનાં ટોડલે નાનો શ્રદ્ધાદીપ પ્રગટાવીએ અને દિલનાં દરવાજે આસ્થાનાં આસોપાલવનાં તોરણ બાંધીએ સાથે-સાથે શ્રી અને લક્ષ્મીનાં સાક્ષાત્ અવતાર સ્વરૂપ જાનકીનાં કુમકુમ પગલાંને વધાવીએ. દિવાળીનાં દિવસે ખરા અર્થમાં મા લક્ષ્મીની પૂજા કરવાનું વિધાન છે કેમકે આ દિવસ મા લક્ષ્મીનો પ્રાગટ્ય દિવસ મનાય છે. સમુદ્રમંથન વખતે ક્ષીર સાગરમાંથી આજનાં દિવસે દેવી લક્ષ્મી પ્રગટ થયાં હતાં. આ દિવસે લોકો મા લક્ષ્મીની પૂજા કરી હંમેશાં પોતાની ઉપર કૃપા વરસાવવાની આરાધના કરે.

આપણા ઘર્મનો સૌથી મોટો તહેવાર જેમના માટે ઉજવાય છે એવા મા લક્ષ્મી વિશે આજે થોડું જાણીયે. દેવી લક્ષ્મીનાં શાસ્ત્રોનુસાર કુલ આઠ રૂપ છે.

આદી લક્ષ્મી : આદી લક્ષ્મીને મહા લક્ષ્મીનાં નામે પણ ઓળખાય છે, લક્ષ્મીજીનાં આ સ્વરૂપને ભૃગુ ઋષિનાં દીકરી અને પ્રભુ શ્રી વિષ્ણુનાં પત્ની માનવામાં આવે છે. આદી લક્ષ્મીને શાંતિ અને ખુશીનું સ્વરૂપ ગણવામાં આવે છે. શાંતિ સ્વરૂપે ધન જે લોકોને જોઈએ છે તે લોકો આદી લક્ષ્મીની આરાધના કરે છે.

ધન લક્ષ્મી : મોટાં ભાગનાં લોકો લક્ષ્મીનાં જે સ્વરૂપને જાણે છે તે સ્વરૂપ એટલે ધન લક્ષ્મી, લક્ષ્મીજીનું આ સ્વરૂપ ધનની સાથે સાથે આંતરીક શક્તિ, પ્રતિભા, ગુણનાં પર્યાય પણ ગણવામાં આવે છે. આ લક્ષ્મી દરેક સ્વરૂપે ધનની વૃદ્ધિ કરતાં દેવી છે. ધન પ્રાપ્તિ માટે ધન લક્ષ્મી દેવીની પૂજા સૌથી પહેલી કરવામાં આવે છે.

ધાન્ય લક્ષ્મી : પૈસા, મિલકત, સોનુ, ચાંદી, હિરા, ઝવેરાતને જેમ આપણે અત્યારનાં સમયમાં ધન ગણીએ છીએ. તેમ ધાન્ય મતલબ કે ખોરાકને પણ સંપત્તિનું જ એક સ્વરૂપ ગણવામાં આવતું. સજીવ વ્યક્તિનાં જીવનમાં ખોરાકનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

દીપાવલી...

તેથી લોકો ધન લક્ષ્મીની સાથે ધાન્ય લક્ષ્મીની પણ પૂજા કરતાં. ખાસ કરીને ખેડૂત વર્ગ ધાન્ય લક્ષ્મીની અવશ્ય પૂજા કરે છે. પોતાના ખેતરમાં સારો પાક આવે અને ખેતર ધાન્યથી ભરપૂર થઇ જાય તે માટે ખેડૂતો ખેતરે જ ધાન્ય લક્ષ્મીની પૂજા કરતા હોય છે.

ગજ લક્ષ્મી : લક્ષ્મીજી સાથે જોડાયેલી એક માન્યતા અનુસાર દેવી લક્ષ્મી સમુદ્રમંથનમાંથી પ્રગટ્યાં હતાં, તેથી તેમને સમુદ્રની દીકરી ગણવામાં આવે છે. તેથી તેમના આ સ્વરૂપમાં તેમની આજુબાજુ બે હાથીને દર્શાવવામાં આવ્યા છે, જે સતત લક્ષ્મીજી ઉપર પાણીનો વરસાદ વરસાવે છે.

સંતાન લક્ષ્મી : સંતાન લક્ષ્મીનું આ સ્વરૂપ પરિવારને આગળ વધારવા માટેનું સ્વરૂપ છે. પોતાના પરિવારને આગળ વધારવા માંગતી મહિલાઓ સંતાન લક્ષ્મીની આરાધના કરે છે.

વીર લક્ષ્મી : લક્ષ્મીજીનું આ સ્વરૂપ એ બહાદુરીનું પ્રતીક છે. હિંમત, બહાદુરી, શક્તિ, વીરતા પ્રાપ્ત કરવાનાં લક્ષણ, તાકાત, યુદ્ધમાં ગમે તેટલાં આકરા દુશ્મનોને પણ માત આપવાની વીરતાને વીર લક્ષ્મીનું સ્વરૂપ સૂચવે છે. વર્ષો પહેલાં જ્યારે આપણાં દેશમાં રાજ-રજવાડાનું રાજ હતું ત્યારે તેઓ દર વર્ષે વીર લક્ષ્મીની પૂજા કરતાં. વીર લક્ષ્મીની આરાધના કરી શસ્ત્રોની પૂજા પણ કરતા. હાલના સમયમાં વીર લક્ષ્મીની પૂજા જીવનમાં આવતી દુશ્મનરૂપી મુશ્કેલીઓને માત આપવાની હિંમત મનુષ્યમાં આવે તે માટે કરવામાં આવે છે.

વિદ્યા / ઐશ્વર્ય લક્ષ્મી : શાસ્ત્રોમાં કહેવાયું છે કે માણસ માત્રનું સાચું ધન એટલે વિદ્યા, માણસ પાસે વિદ્યા હશે તો તે જીવનમાં દરેક રીતે આગળ વધી શકશે, તે કેમેય કરીને પોતાના આ ધન થકી બીજા તમામ ધન પ્રાપ્ત કરી શકશે, તેથી વિદ્યાની દેવી સરસ્વતિ તો છે જ પણ વિદ્યાને આપણા શાસ્ત્રોમાં ધન ગણવામાં આવ્યું હોવાથી લક્ષ્મીજીનું સાતમું સ્વરૂપ વિદ્યા લક્ષ્મી કે ઐશ્વર્ય લક્ષ્મી માનવામાં આવ્યાં છે.

વિજયા લક્ષ્મી : વિજયા મતલબ વિજય, દેવી લક્ષ્મીનું વિજયા લક્ષ્મી સ્વરૂપ એ જીવનનાં તમામ તબક્કે માણસનો વિજય સૂચવે છે. જીવનનાં દરેક તબક્કે તમે જે પણ કાર્ય હાથમાં ધરો છો. તે કાર્યમાં સફળતાનું પ્રતીક વિજયા લક્ષ્મી છે. સામાજિક તેમજ પારિવારિક જીવનનાં સંઘર્ષમાં પણ લક્ષ્મીનું આ સ્વરૂપ વિજય પ્રાપ્ત કરાવે છે.

ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળીની રાત્રે સમાજની ભૌતિક સમૃદ્ધિ, રક્ષા, શક્તિ અને બૌદ્ધિક સંપદાનાં પ્રતીક સ્વરૂપ મહાલક્ષ્મી, મહાકાળી અને મહાસરસ્વતીનું પૂજન કરીએ. પણ જો-જો વાત માત્ર ધાર્મિક વિધિ પૂરતી સીમિત ન રહી જાય નહિ તો પર્વનો ઉદ્દેશ માત્ર કેલેન્ડરનાં પાનાં પર અશ્મિ બનીને રહી જશે.

દિવાળીની જો હું મારી દ્રષ્ટીએ વ્યાખ્યા આપું તો એટલું ચોક્કસ કહીશ કે દિવાળી એટલે જીવનમાં ફેલાયેલા અંધકારોને દુર કરીને જીવનમાં પ્રકાશ ફેલાવવાનું પર્વ. આપણા જીવનમાં દ્વેષ, ઈર્ષા, છળ કપટ, દુશ્મનાવટ, કોઈનું ખરાબ કરવાની આદત વગેરે જેવા અનેક અંધકારો ફેલાયેલા છે આ તમામ અંધકારોને જીવનમાંથી દૂર કરીને જીવનમાં ભક્તિ, પ્રેમ, પરસ્પર સહયોગ અને એકતા જેવા પ્રકાશ ફેલાવવાનું પર્વ એટલે દિવાળી.

દિવાળીમાં કેટલાંય દિવસો અગાઉથી આપણે બધા ઘર સાફ કરીને એકદમ સ્વચ્છ અને ચોખ્ખુ બનાવી દઈએ છીએ પરંતુ ક્યારેય આપણું હ્રદય કે મન સાફ નથી કરતા. તો આવો, આ દિવાળીમાં નવા કપડાની સાથે નવા વિચારો અને સંસ્કારોનાં વાઘા પણ પહેરીએ અને જીવનને સાચા અર્થમાં અને સાચી દિશામાં આગળ ધપાવીએ. દીપાવલીનાં પર્વને ખરા અર્થમાં પ્રકાશ પર્વ તરીકે ઊજવીએ. આ વખતે દિવાળી કઈંક અલગ રીતે મનાવીએ. ચોતરફ ભલે અંધકાર હોય પણ આપણે દીપ પ્રગટાવીએ. આપણે જ આપણા અને અન્યનાં ઘરને અજવાળીએ. નગરનાં કોઈ અંધારા ખૂણામાં આવેલી કોઈ જર્જરિત ઝૂંપડીનાં આથમતાં દીવામાં નવી આશાનું દિવેલ પૂરીએ. આટલું કરવા માટે આતશબાજીનાં કે ડિનર પાર્ટીનાં બજેટનો માત્ર નાનો અંશ પૂરતો છે.

દીપાવલી...

મા લક્ષ્મીનાં તમામ સ્વરૂપો આપ સહુ પર એમની કૃપા હંમેશા વરસાવતાં રહે, દિવાળીનાં દીવડાઓ તમારાં અંતરને ઝગમગાવે, આંગણે પૂરેલાં સાથિયાઓ મિત્રો અને સ્નેહીઓ વચ્ચે આત્મીયતાને વિકસાવે એવી ઈશ્વરને પ્રાર્થના. દિવાળી માત્ર ફટાકડાં અને મીઠાઈ પૂરતું સિમીત ન રહેતાં, પ્રેમ અને આનંદ વહેંચવાનું પર્વ બને એવી આપ સહુને મારાં તરફથી હાર્દિક શુભેચ્છા..!!

વૈભવી જોશી

નિર્મોહી

મર્યાદાપુરુષોત્તમ શ્રી રામ..

શ્રીરામ અને શ્રીકૃષ્ણએ ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ જેવા છે. રામ-કૃષ્ણના રંગે ભારત જેટલું રંગાયું છે એટલું બીજા કોઈના રંગે રંગાયું નથી. આજે પણ ઠેરઠેર 'શ્રી રામ જય રામ' અને 'હરે કૃષ્ણ હરે રામ' ની ધૂન એની સાક્ષી પૂરે છે.

શ્રીરામ અને શ્રીકૃષ્ણ જુદા નથી. કેટલાક લોકો આ બંને અવતારોમાં પણ ભેદ કરે છે. એક જ તત્વના બે સ્વરૂપો છે. શ્રીરામ સામાજિક વિકાસમાં કુટુંબની પરંપરા દ્રઢ કરે છે. કુટુંબના એકમને પકડી રામે સમાજ વિકાસનો રસ્તો બતાવ્યો છે. માટે 'પિતૃઆજ્ઞા' અનુચિત હોવા છતાં તેઓ તેનો સ્વીકાર કરે છે.

શ્રી રામના આચરણનું અનુસરણ થાય, જયારે શ્રી કૃષ્ણની આજ્ઞાનું પાલન થાય. 'રામ' માત્ર અક્ષર નથી પણ એક આસ્થા છે. 'રામ' માત્ર શબ્દ નથી પણ શ્રદ્ધા છે, ઈશ્વરનો પર્યાય છે. 'રામ' શબ્દનું ઉચ્ચારણ કરતાં 'રા' બોલતી વખતે હોઠ ખુલ્લા રહે છે અને મોઢું પણ ખૂલી જાય છે જયારે 'મ' બોલતી વખતે બે હોઠ ભેગા થાય છે અને મોઢું બંધ થઈ જાય છે. જ્યારે મોઢું ખૂલી જાય છે ત્યારે મનનો મેલ બહાર નીકળી જાય છે અને બંધ થતાની સાથે જ પાપ બહાર રહી જાય છે. તેથી 'રામનામ' જપ જીવન પાવન બનાવે છે.

શ્રીરામ સાક્ષાત પૂર્ણ બ્રહ્મ પરમાત્મા હતા. વિષ્ણુના દસ અવતાર માના એક અવતાર મર્યાદાપુરૂષોત્તમ શ્રીરામ હતો. તે ધર્મની રક્ષા અને લોકોનો ઉદ્ધાર કરવા અવતીર્ણ થયા હતા. પરંતુ તેમણે સદા બધા આગળ પોતાને એક સદાચારી આદર્શ મનુષ્ય જ સિદ્ધ કરવાની ઈચ્છા હતી. તેમનું આદર્શ લીલા ચરિત્ર વાંચતાં, સ્મરણ કરતાં હૃદયમાં અત્યંત પવિત્ર ભાવો ઉદ્દભવે છે. જેથી મન મુગ્ધ થઈ જાય છે. તેમનું પ્રત્યેક કર્મ અનુકરણ કરવા યોગ્ય છે.

શ્રીરામ સદગુણોના સમુદ્ર હતા. સત્ય, સોહાર્દ, દયા, ક્ષમા, મૃદુતા, ધીરતા, વીરતા, ગંભીરતા, અસ્ત્ર - શસ્ત્રોનું જ્ઞાન, પરાક્રમ, નિર્ભયતા, વિનય, શાંતિ, સંયમ, નિ:સ્પૃહતા, તેજ, પ્રેમ, ત્યાગ, મર્યાદા સંરક્ષણ, એકપત્નીવ્રતા, પ્રજાપાલક, બ્રાહ્મણ, માતૃ-પિતૃભક્ત, ભ્રાતૃપ્રેમ, મૈત્રી, શરણાગત વત્સલતા, સરળતા, વ્યવહારકુશળતા, પ્રતિજ્ઞાપાલન, સાધુરક્ષણ, લોકપ્રિયતા, ધર્મપરાયણતા, પવિત્રતા ઇત્યાદિ ગુણોનો મર્યાદાપુરૂષોત્તમ શ્રીરામમાં પૂર્ણ વિકાસ થયો હતો.

સંસારમાં મહાન ગુણો એક વ્યક્તિમાં હોય તેવી વ્યક્તિ મળવી મુશ્કેલ છે. એક આદર્શ મનુષ્ય કેવો હોય તે પોતાના ચરિત્રથી શ્રી રામે ચરિતાર્થ કરી બતાવ્યું છે. શ્રી રામના ભક્તોમાં આ ગુણોમાંથી થોડા ગુણ પણ હોય તો શ્રી રામને આવા ભક્તો પ્રિય થઈ પડે છે.

"પુરુષોમાં ઉત્તમ તે પુરુષોત્તમ" ઉદાત જીવનના મહાન શિલ્પીએ ઉચ્ચ આદર્શની મર્યાદા સ્થાપવા કોઈપણ પ્રકારનો ત્યાગ કરવામાં કૃપણતા કરી નથી. ઈશ્વરાવતાર હોવા છતાં મનુષ્ય તરીકે અવતરેલા હોવાથી તેમણે મનુષ્યોચિત પોતાની મર્યાદા નક્કી કરી અને સદૈવ મર્યાદાના પરિઘમાં જ રહે તેવું જ વર્તન કર્યું. તેમણે પોતાની શક્તિઓનું પ્રદર્શન ઓછામાં ઓછું કર્યું તેથી તેઓ 'મર્યાદાપુરુષોત્તમ' કહેવાયા. સદગુણોની ટોચ અને તેમનો સમુચ્ચય એટલે રામ !

શ્રી રામ નામ,રૂપ, ગુણ ત્રણેયથી સુશોભિત છે. ધર્મમાં તત્પરતા, વાણીમાં માધુર્ય, દાનમાં ઉત્સાહ, મિત્ર સાથે નિષ્કપટતા, ગુરુજનો પ્રત્યે નમ્રતા, આચારમાં પવિત્રતા, ગુણોમાં રસિકતા, શાસ્ત્રોમાં નિપુણતા, રૂપમાં સૌંદર્ય, શિવ પ્રત્યે ભક્તિ આ ગુણો પ્રભુ રામમાં છે.

મર્યાદાપુરુષોત્તમ શ્રી રામ..

રામે પોતાના જીવન દ્વારા સમજાવ્યું કે જીવનના પ્રત્યેક મોરચા પર ઊભા રહીને માણસે લડવાનું છે અને તે લડાઈમાં ટકવાનું છે પુત્ર, બંધુ, મિત્ર, શત્રુ, પતિ દરેક ભૂમિકામાં રામ આદર્શ બની ઉભા રહ્યા. રામ એક આદર્શ પુત્ર, આદર્શ પતિ, આદર્શ રાજા, આદર્શ બંધુ, આદર્શ મિત્ર અને આદર્શ શત્રુ હતા.

રામની નિસ્પૃહતા પણ કેટલી! ત્રણ ત્રણ રાજ્યો પાસે આવીને ઊભા અને ત્રણેયનો ત્યાગ કર્યો. રામના જીવનમાં તેજસ્વીતા અને સાંસ્કૃતિક અસ્મિતા તેમને મળેલા દિવ્ય શિક્ષણને આભારી છે. રામ આપણા સૌની સામે એક કૌટુંબિક આદર્શ મૂકી ગયા છે.

આદર્શ ભાઈ - રામને બીજા ત્રણ ભાઈઓ હતા છતાં તેઓની વચ્ચે ઝઘડો થયો હોય એવું ક્યારેય સાંભળ્યું નથી કારણકે ત્યાગમાં આગળ અને ભોગમાં પાછળ એ તેમનો જીવનમંત્ર હતો. સ્વાર્થ ત્યાગની પરાકાષ્ઠા એટલે રામ.

આદર્શ પુત્ર - પિતૃભક્તિનું અનુકરણીય ઉદાહરણ એટલે શ્રી રામ. રાજ્યાભિષેકની વાત સાંભળતી વખતે કે વનમાં જવાનો આદેશ સ્વીકારતી વખતે રામના ચહેરા પરના ભાવ એકસરખા જ હતા. પિતાની આજ્ઞા તેમને શિરોમાન્ય. આમ પ્રસન્નતા એટલે જ રામ. વનવાસ ભોગવીને રામ જ્યારે અયોધ્યા આવ્યા ત્યારે સૌપ્રથમ માતા કૈકેયીને વંદન કરે છે.

આદર્શ રાજા - 'યથા રાજા તથા પ્રજા' એ રામરાજ્યના પ્રણેતા શ્રીરામ પુરવાર કરે છે. તેમને પ્રજા પર પ્રેમ હતો એટલું જ નહીં પ્રજાને પણ તેમના પર હૃદયનો પ્રેમ હતો.

આદર્શ મિત્ર - રામ સુગ્રીવની મૈત્રી આદર્શ હતી.સુગ્રીવ ઉપર રામને અનહદ પ્રેમ હતો. રામ જ્યારે સરયૂ પ્રવેશ કરે છે ત્યારે સુગ્રીવ દોડતો આવીને રામ સાથે સરયૂ પ્રવેશ કરે છે આવો અતૂટ મૈત્રીભાવ હતો.

આદર્શ શત્રુ - રાવણના મૃત્યુ પછી પણ રામ વિભીષણને સમજાવીને તેના ભાઈને શોભે તે રીતે અગ્નિસંસ્કાર કરવા કહે છે. કેટલું ઉદાર વ્યક્તિત્વ!

આદર્શ પતિ - રામનો અલૌકિક અને અનન્ય પ્રેમ સીતા પર હતો. રામે સીતાનો ત્યાગ કર્યો એ પ્રસંગની કેટલાક લોકો ટીકા કરે છે. પરંતુ તે અસ્થાને છે. રામ રાજા હતા અને રાજા તરીકે પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવો એ તેમનું પ્રથમ કર્તવ્ય હતું. આ દૃષ્ટિએ રાજા તરીકે રામે રાણી સીતાનો ત્યાગ કર્યો નહીં કે પતિએ પત્નીનો. સીતા પણ જન્મ જન્માંતર સુધી રામને જ પતિ તરીકે જ ઝંખે છે. આમ શ્રીરામનો સીતા ત્યાગ એ આત્મબલિદાનની ઉચ્ચતમ ભાવનાનું પ્રતીક છે.

આવા શ્રી મર્યાદાપુરુષોત્તમ રામનું આપણે પૂજન-અર્ચન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરીને જરૂરથી કરીશું! આવા શ્રી રામને હૃદય સિંહાસન પર બિરાજશું, તો એજ રામની સાચી ભક્તિ ગણાશે.

-ભારતી ભંડેરી,

નિર્મોહીને ગર્વ છે.

યોગી યોગેશ પોર્ટ્રેટ આર્ટિસ્ટ..







એમ કહેવાય છે કે જે સ્વપ્ન જુઓ એને સાકાર કરવા પરિશ્રમ કરતા રહો. યુદ્ધ જીતવું હોય તો એમાં પ્રથમ શક્તિ પ્રદર્શન કરવું જોઈએ! સફળતા જોઈતી હોય તો પરિશ્રમ કરવો પડે! એજ વિચારો છો ને કે આજે આ લેખમાં આટલા પ્રશ્નો કેમ? તો આજે આ દરેક પ્રશ્નનો જવાબ છે યોગી યોગેશ! આ યુવાન એના સપનાને જીવે છે અને એને પૂરા કરવા માટે અથાગ પ્રયત્ન પણ કરતો રહે છે. છેલ્લા ત્રણ વર્ષથી શરૂ કરેલ પોર્ટ્રેટ આર્ટિસ્ટ તરીકેનો સફર આજે યોગેશને ઇન્ડીયન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સુધી લઈ ગયો છે. યોગેશે ચાર સેન્ટીમીટર ઊંચા અને બે સેન્ટીમીટર પહોળા એવા દસ જેટલા પોર્ટ્રેટ બનાવીને ઇન્ડિયન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. માત્ર ચોવીસ વર્ષની ઉંમરમાં યોગેશે ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી લીધી છે, જેના માટે "નિર્મોહી - એક અવાજ" સામયિક પરિવાર યોગેશને હાર્દિક શુભકામનાઓ પાઠવે છે...

तू खुद की खोज में निकल
तू किस लिए हताश है |
तू चल,
समय को भी तलाश है |
समय को भी तलाश है |

પરિવાર અને જીવન -

યોગેશ ગુજરાત રાજ્યના પાટણ જિલ્લાના હંસાપુરનો રહેવાસી છે. યોગેશનો જન્મ તારીખ 18/03/1998 ના રોજ એક મધ્યમ વર્ગીય પરિવારમાં થયો હતો. જેના પરિવારમાં કુલ પાંચ સભ્યો છે. યોગેશ પિતા શ્રીમાન અરવિંદભાઈ માર્કેટિંગ વ્યવસાય સાથે સંકળાયેલ છે, તેની માતા શ્રીમતી ઉષાબેન સફળ અને આદર્શ ગૃહિણી તરીકે ફરજ બજાવી રહ્યાં છે. યોગેશની મોટી બહેન નેહલે પી.ટી.સી. બી.એ. નો અભ્યાસ કર્યો છે. જ્યારે એમના ભાઈ અમિત ગ્રાફિક્સ ડિઝાઇનર તરીકે કામ કરી રહ્યા છે. યોગેશની વાત કરું તો હાલમાં એમ.એસ.સી. માં mathematics વિષય સાથે અભ્યાસ કરી રહ્યા છે. યોગેશે અગાઉ બી.એસ.સી. , બી. એડની પદવી મેળવી છે.

પોર્ટ્રેટ દોરવાની શરૂઆત...

કહેવાય છે કે જે માણસ આ દુનિયામાં જન્મે છે, એ કોઈકના કોઈક વિશેષતા લઈને જન્મે છે, એમ યોગેશ પણ નાનપણથી ચિત્ર દોરવાનો શોખ ધરાવતો હતો.

યોગી યોગેશ
પોર્ટ્રેટ આર્ટિસ્ટ..

યોગેશ આમ તો નોર્મલ ચિત્રો દોરતો હતો પણ ત્રણ વર્ષ પહેલાં એને પોર્ટ્રેટ દોરવાના શરૂ કર્યા. પોર્ટ્રેટ દોરવાનો શરૂઆત કર્યા પછી યોગશે ત્રણ વર્ષ સુધી સખત પરિશ્રમ કરીને પરફેક્ટ પોર્ટ્રેટ બનાવતાં શીખી ગયો! યોગેશ અત્યારે ઈન્સ્ટાગ્રામ ઉપર પેજ બનાવીને એના પોર્ટ્રેટ મૂકવાની શરૂઆત કરી! અત્યારે યોગેશ વિવિધ પ્રકારના પોર્ટ્રેટ બનાવીને પોતાની આજીવિકા મેળવી રહ્યો છે.

India book of recordનો વિચાર..

યોગેશ સાથે વાતચીત કરતાં નિર્મોહી સામયિકને જાણવા મળ્યું કે India book of record વિશે એમને એમના જ મોટા ભાઈ અમિત દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ યોગેશે India book of record વિશે માહિતી એકત્ર કરવાનું શરૂ કર્યું! India book of record ની વેબસાઇટ ઉપર જઈને તમામ રેકોર્ડ ચેક કર્યા અને એને સમજવાની કોશિશ કરી. ત્યારબાદ India book of record કઈ રીતે એપ્લાય કરી શકાય એ વિશે વિગતવાર માહિતી મેળવવાની શરૂઆત કરી. ત્યારે બાદ યોગેશને ચિત્રકામમાં એનો રેકોર્ડ બનાવવાનો હતો અને આ બુકમાં હજારો લાખોમાં લોકોએ વિવિધ રેકોર્ડ બનાવેલ છે, જેમાં યોગેશે ચિત્રકામના વિવિધ રેકોર્ડ શોધી કાઢ્યા.

રેકોર્ડ શોધ્યા બાદ યોગેશને સૌથી પહેલો વિચાર હતો કે યોગેશ એવું તો શું કરી શકે કે જેથી એ એની કામગીરીમાં એક નવો ચીલો પાડી શકે! ત્યાર બાદ યોગેશે સ્મોલ પોર્ટ્રેટ બનાવવા અંગે વિચાર સેવ્યો અને એ પ્રમાણે યોગેશે ભારતના દશ મશહૂર માણસોના પોર્ટ્રેટ બનાવવાનું શરૂ કર્યું! જેમાં પોર્ટ્રેટની ઊંચાઈ ૪ સેમી અને પહોળાઈ બર સેમી રાખવામાં આવી હતી. દસ પોર્ટ્રેટમાં સમાવેશ મહાનુભાવો મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, ભગત સિંહ, સરદાર વલ્લભભાઈ પટેલ, અબ્દુલ કલામ, રાણી લક્ષ્મબાઈ, છત્રપતિ શિવાજી, વિરાટ કોહલી, મિલ્ખા સિંહ, કલ્પના ચાવલાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દશ મહાનુભાવોના પોર્ટ્રેટ સાથે યોગેશે Indian book of world record માં એપ્લાય કર્યું! એપ્લાય કર્યાના સાત દિવસ બાદ યોગેશને પુષ્ટિ મેલ મળ્યો, કે એનો સમાવેશ Indian book of world record માં કરવામાં આવ્યો છે. indian book of world record રેકોર્ડના હોલ્ડર તરીકે યોગેશનો બુકની અંદર સમાવેશ કરવામાં આવ્યો હતો.

યોગેશને આ સન્માન મળ્યા બાદ યોગેશે આ વાત એના પરિવાર અને મિત્રો સાથે શેર કરી હતી, જેની માટે યોગેશને તમામ તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. યોગેશના કહેવા અનુસાર એમની આ સિદ્ધિનો શ્રેય એમના પરિવાર અને મિત્રોને જાય છે. યોગેશને આ સન્માન મળવા બદલ નિર્મોહી શુભકામનાઓ પાઠવે છે અને યોગેશ પાસે આશા રાખે છે કે એ આમ ઉતારો ઉત્તર પ્રગતિ કરતા રહે અને દેશ દુનિયામાં એમના પરિવાર, સમાજ અને માણસાઈનું નામ રોશન કરતા રહે...

સંપાદન

પંચમહાલના આદિવાસીઓની ભાતીગળ સંસ્કૃતી...

ભાતીગળ સંસ્કૃતિ

ગુજરાતની ધરતી પર અનેક જાતિઓએ આદિકાળથી પોતાની સંસ્કૃતિનું સર્જન કર્યુ છે.ચાલો આજે વાત કરીએ પંચમહાલ જિલ્લાના પ્રકૃતિ ને ખોળે વસતા વનવાસીઓની.જેમાં મુખ્ય વસ્તી ભિલોની છે.આર્થિક દ્રષ્ટિએ જોતા તેમનું જીવનધીરણ ખૂબ જ નીચું છે. તેઓ પોતાને જોઈતી વસ્તુઓ પોતેજ પેદા કરી લે છે. 'ભીલ' શબ્દનો અર્થ બાણ અથવા તીર થાય છે.સંસ્કૃત માં તેનો અર્થ 'કાપવું' એવો થાય છે. એટલેકે જંગલમાં ઝાડ વગેરે કાપતા હોવાથી તેઓ ભીલ તરીકે ઓળખાયા હશે.

ભીલ પ્રજા બળવાન હતી અને વીંધની આજુબાજુ વસતી હતી.ભીલ શબ્દનો ઉપયોગ ઋગ્વેદમાં પણ જોવા મળે છે. રામાયણમાં શબરીનો ઉલ્લેખ છે તે પણ ભીલ હતી.તેઓ મૂળ ભારતના વતનીઓ છે તેમ માનવામાં આવે છે. ભિલો કાળાં રંગના,શરીરે મજબૂત બાંધાના ઊંચા,સુદ્રઢ અને કસાયેલા હોય છે.અન્ય વિસ્તારોની જેમ પંચમહાલના આદિવાસીઓ શહેરોની માફક ઘરોના જંગલોમાં નથી રહેતા.તેઓ ડુંગરો કે ડુંગરાઓની ગાળીઓમાં પોત પોતાના ખેતરોમાં ઝૂંપડાઓ બાંધીને રહે છે.તો ક્યાંક છુટા છવાયા ફળીયા માં રહે છે.તેમના દરેક ગામમાં એક મુખી હોય છે. એને પટેલ કહેવામાં આવે છે. આદિવાસીમાં કોટવાળ હોય છે તે દરેક ઘેર ઘેર ખબર પહોંચાડે છે. અને જરૂર મુજબ લોકોને ભેગા પણ કરે છે.ભીલો નો મુખ્ય વ્યવસાય ખેતીનો હોય છે.

પુરુષો ત્રણેક હાથ લાંબો અને હાથેક પહોળો લંગોટ પહેરતા માથે ફાળિયું બાંધતા અને અંગ પર પછોડી ઓઢતા, સ્ત્રીઓ કાછડો મારી શકાય તેવો ઘેરો લાલ અથવા ભૂરા રંગનો ઘાઘરો, શરીર પર લાલ અથવા ભૂરા રંગનું ઓઢણું, અને દેશી કાંચળી પહેરતી.એમનો ઘેરદાર ઘાઘરો ઘૂંટણથી સહેજ નીચો પણ કાછડા જેવો બે અલગ ભાગવાળો હોય છે તેને કારણે ખેતીના કામમાં અને નૃત્ય કરવામાં ઘણી સરળતા રહે છે.પુરુષોના કપડા સાવ સાદા પણ ભીલ સ્ત્રીઓના કપડાં રંગબેરંગી બહુધા કથીર અને ચાંદીના હોય છે.

પંચમહાલના આદિવાસીઓની ભાષા 'ભિલોડી' તરીકે ઓળખાય છે. તેની ખાસિયત એ છે કે તેઓ હંમેશા બહુવચનમાં બોલે છે અને હું ને બદલે હમૂ એટલે અમે જયારે બીજા માટે એકવચન વાપરે છે.ભલે પછી તે રાજવી કેમ ના હોય..! એને તું કહીને જ સંબોધે છે.ભિલોના ઉદ્ધારક ઠક્કરબાપાને પણ તું કહીને જ બોલાવતા હતા.આ તેઓની તોછડાઈ નહિ પણ ચાલી આવતી પરંપરા છે. ભીલોના લગ્નની પસંદગી બે રીતે થાય છે. મા બાપ પોતે જ દીકરા દિકરીની પસંદગી કરે છે અને પરણાવે છે.બીજું છોકરા છોકરી પોતેજ પસંદગી કરી લે છે.લગ્ન પ્રસંગે મુહૂર્ત જોવરાવવાની પ્રથા નથી. લગ્ન ગુરુવાર કે શુક્રવારે જ કરવાની પરંપરા છે. તેમની દિનચર્યા પર નજર રાખીએ તો સવારે જમીન ખેડવા,બી વાવવા,રોપવા કે કણસુલા ઝુડવા જાય છે. ખેતીનું કામ શરૂ કરતા પહેલા 'બાબા ગણેહ'નું નામ લે છે.કોઈ ઓળખીતું રસ્તામાં મળે ત્યારે રામ રામ બાબા કહીને માન આપે છૅ..

આવું છે પંચમહાલ ના આદિવાસીઓનું જીવન અને આવી છે તેઓની સંસ્કૃતિ...

કલ્પેશ શાહ "કલ્પ"

ઓટ્સ રવા સમોસા..

અલ્પા ભદ્રા
"ક્રિષ્ના"

બનાવવાનો સમય ૧૫ મિનિટ, તૈયારી નો સમય 30 મિનિટ

સામગ્રી

સમોસાનો પડ બનાવવા માટે, ૨૦૦ગ્રામ રવો, ૨૦૦ગ્રામ ઓટ્સ,
મીઠું સ્વાદાનુસાર, અજમો ૧/૨ચમચી, તેલ મોણ માટે, પાણી જરૂર મુજબ.

સ્ટફિંગ માટે,
બાફેલા બટેટા ૧૫૦ગ્રામ, લીલાં વટાણા ૧૦૦ગ્રામ,
લીલાં મરચાં અને આદુની પેસ્ટ ૨ચમચી,
મીઠું સ્વાદાનુસાર, હિંગ ચપટી, હળદર ચપટી,
આખા ધાણા અને આખું શેકેલું જીરૂ અધકચરું વાટેલું ૨ મોટી ચમચી,
વઘાર માટે તેલ 1 ચમચી, લીંબુનો રસ 2ચમચી.
તળવા માટે તેલ, સર્વ કરવા માટે લીલી ચટણી, ટોમેટો કેચઅપ,
ખજુર આંબલીની ચટણી.

રીત.

સૌ પ્રથમ રવાને મિક્સીમાં પીસીને એકદમ ફાઇન પાવડર કરો,
હવે એવી જ રીતે ઓટ્સને પણ પાવડર કરો. હવે રવા પાવડર અને ઓટ્સ પાવડરને એક મોટાં બાઉલમાં ભેગા કરો, તેમાં મીઠું, મોણ માટે તેલ, અજમો નાખીને, થોડું થોડુ પાણી નાખતા નાખતા કડક કણક બાંધો. હવે આ કણકને ભીના કપડાથી ઢાંકી 10 મિનિટ માટે બાજુ પર મુકો.

હવે સ્ટફિંગ માટે બાફેલા બટેટા, બાફેલા વટાણા, આદુ મરચાની પેસ્ટ, મીઠું, હળદર, લીંબુનો રસ, નાખી સરખી રીતે મિક્સ કરો. હવે એક વઘારિયમાં 1 ચમચી તેલ નાખો, તેલ ગરમ થાય એટલે એમાં હિંગ અને અધકચરા વાટેલા અખા ધાણા અને જીરાનો ભુક્કો નાખો, ૫-૧૦ સેકન્ડ માટે સાંતળો. અરોમા રીલિઝ થાય એટલે ગેસ બંધ કરવો. અને આને બટાકાના સ્તફિંગમાં ઉમેરો ને સરખો મિક્સ કરો. હવે રવાને ઓટ્સની કણક લઇ એકવાર એને સારી રીતે કેળવી લો. એનાથી મીડીયમ સાઈઝના લુઆ બનાવી રોટલી વણો. આ રવા રોટલીને વચ્ચેથી 2 ભાગમાં કપો. હવે રોટલીને કોન શેપ આપી અંદર સ્ટફિંગ ભરી કિનારી સરખી દાબીને બંધ કરો. આ રીતે બધાં સમોસા તૈયાર કરો. જો તમને આમ કોન શેપ ન ફાવતું હોય તો તમે તમારા મનગમતા શેપમાં પણ કરી શકો છો. હવે તેલ એકદમ સરસ ગરમ થયા પછી જ સમોસા તળવા માટે નાખો. નાખ્યા બાદ ગેસ મધ્યમ તાપ પર રાખવું, સરસ ગોલ્ડન બ્રાઉન રંગના થાય ત્યાં સુધી તળવા. હવે લીલી ચટણી, ટોમેટો કેચઅપ, ખજુર આંબલીની ચટણી સાથે ગરમ ગરમ સર્વ કરો. ને બહારનો લેયર એકદમ સરસ ક્રિસ્પી બનશે.

આ સમોસાનો તમે સમોસા ચાટ બનાવી શકો છો, બસ ફકત સમોસાને તોડીને ઉપર કાંદા, ટામેટા, દાડમ, મસાલા શીંગ, દહીં, ચાટ મસાલો,ને સેવ નાખીને બધી ચટણી નાખીને મજજાથી સર્વ કરો.
સમોસા કે બીજી અન્ય તળવા માટેની વાનગીઓ માટેની સિક્રેટ ટીપ: તળવા માટેનાં તેલમાં તેલ ગરમ થાય એટલે 1 ચમચી ઘી અને ફકત 1 ચપટી મીઠું નાખી દેવાથી વાનગી તેલ ઓછું પિશે અને ક્રિસ્પી બનશે..

ગુંદર પાપડી...

રસોડાની રાણી

અલ્પા ભદ્રા
"ક્રિષ્ના"

તૈયારીનો સમય: 10 મિનિટ
બનાવવાની રીત: 30 મિનિટ

સામગ્રી:

દેશી ગુંદર 400 ગ્રામ,
ઘઉંનો કરકરો લોટ 100 ગ્રામ,
ઘી 500 ગ્રામ,
કાજુ , બદામ, પિસ્તાની કતરણ 1 વાટકી,
એલચીનો પાવડર 2ચમચી,
ચારોળી 1ચમચી,
ગોળ 300 ગ્રામ એકદમ જીણું સમારેલું,
સુંઠ પાવડર 1/2 ચમચી,
જાયફળ પાવડર 1/2 ચમચી,
ખસખસ 2 ચમચી,
સુકા ખોપરાની છીણ 2 ચમચી.

રીત:

સૌપ્રથમ ઘી ગરમ કરીને ગુંદર તળી લો, થોડુ થોડુ કરીને તળવું, હવે આજ બાકી ઘીમાં ઘઉંનો કકરો લોટ શેકવો, લોટ એકદમ સરસ બદામી રંગનો શેકવો. હવે જો ગુંદર મોટાં મોટાં ગાંઠા ખાવા ગમતાં હોય તો એ રીતે રાખી શકો છો, નહીતો ગુંદરને વાટકીની મદદથી અધકચરું દબાવી લો. હવે બારીક કાપેલો ગોળ, ને બીજાં બધાં જ મસાલા અને ડ્રાય ફ્રુટ મિક્સ કરો. હવે ઘી થી ગ્રીસ કરેલી થાળીમાં પાથરી ઠરવા મુકો. થોડું ઠંડુ પડે એટલે કાપા કરો. પછી એકદમ ઠંડુ પડે એટલે ડબ્બામાં ભરી લો.

આ વસાણું શિયાળામાં ગમે ત્યારે ખાઈ શકાય છે, પણ જો સવારે ખાલી પેટે ખાવામાં આવે તો તો આના ફાયદા અનેક વધી જય છે. નાનામોટા દરેક લોકો ખાઈ શકે છે. જો આના લાડુ કરવા હોય તો થોડા ગરમ ગરમ જ કરવા.

ગઝલ, કાવ્ય...

મહેફિલ

જેને માગી શમણાં - ગઝલ..

જેને માગી શમણા તણી
આંખો ખોલીને જોઈ હતી.

જેને માગી શમણા તણી
આંખો ખોલીને જોઈ હતી.
મેં દિલની રાણી જોઈ હતી.

એને નીત જોવા હું તરસતો'તો,
એની વાતનો આધાર બનતો'તો,
એની આંખમાં એક આંસુ જોઈને
હું ઈશ્વર સાથે રોજ લડતો'તો,

એની વાત જાણે અધૂરી હતી,
એના સ્નેહમાં આશ પૂરી હતી,
એ રૂપનો આથમતો સુરજ બની
મારા દિલની રાણી મળી હતી.

મારી આંખ ના નૈનકમળમાંથી
એને રોજે મળીને હું હસતો'તો
ગુલાબ સંગે પ્રીત રાખીને
જેને કમળને કાદવ માનતો'તો

એ દિલના રાજ જાણતી'તી
ને રોજે યાદ આવતી'તી
કોઇ અજાણ્યાને ભાખે તો
એ વાણી મધુર રાખતી'તી

એને પ્રેમની લગની ખૂબ હતી,
એને એકલતાની ભૂખ હતી,
એના હૈયે વસવા આશ હતી,
જે અધુરી આ ભવતાર હતી.

જેને માગી શમણા તણી
આંખો ખોલીને જોઈ હતી.

જેને માગી શમણા તણી
આંખો ખોલીને જોઈ હતી.
મેં દિલની રાણી જોઈ હતી.

અંકિત ચૌધરી "શિવ"
રાગ :- શાંત ઝરુખે....

ગઝલ...

ઈશ્વર કેવો અલગારી છે!
એની ચર્ચા ચકચારી છે.

દ્વારે છો સૂકાયાં તોરણ,
આંખે લીલપ શણગારી છે.

અફરાતફરી ત્યાં પણ કાયમ,
વહીવટ એનો સરકારી છે.

એની સામે જોરાવર પણ,
ભાજી, મૂળા ,તરકારી છે.

એક ટકોરો મારી જો ને !
એના દિલમાં પણ બારી છે.

એ જ હુકમનો એક્કો જાણે!
દુનિયા આખી દરબારી છે.

એ જ વમળમાં હોડી હાંકે,
જ્યાં દુર્ઘટના નિર્ધારી છે.

સંગીતા ચૌહાણ "તપસ્યા"

કાવ્ય

મહેફિલ

ગઝલ..

સાવ સાદી સમજ હું રાખું છું.
એટલે તો ઘણુંય સાંખુ છું.

ઝેરને ઝેર ક્યાં ગણ્યું છે મેં,
ખૂબ લિજ્જતથી એને ચાખું છું.

આજનું કામ આપનું જોયું,
કાળ કપરો તમારો ભાખું છું.

વાર ક્યારે થશે ખબર ક્યાં છે ?
ઢાલ - તલવાર સાથ રાખું છું.

થાય પગરવ 'અમર' તમારો ત્યાં,
દ્વાર બસ સ્હેજ ખોલી નાખું છું.

કમલેશ જેઠવા 'અમર'

ગઝલ..

કવિતા હું તારા રંગે રંગાયેલો છું,
તારી લગની છે માટે બંધાયેલો છું.

તું તારે વેતરવો હો એમ મને વેતર,
હું કવિ છું, ખુદ હિંમતથી સંધાયેલો છું.

બસ,ધીરે ધીરે તું અંબોડો ખોલ સનમ,
કારણ તારા કેશોમાં ગૂંથાયેલો છું.

ભાન બધું ભૂલીને બસ પાગલ માફક
રાત 'દિ તારી યાદોમાં ખોવાયેલો છું.

જે નામે બોલાવ મને ગમશે ઓ પ્રિયે,
દુનિયામાં તો 'જલ' નામે પંકાયેલો છું.

કવિ જલરૂપ

આવોને બાળ

રડી-રૂપાળી બાંધી મેં શાળા,
ભણવા આવોને બાળ જલ્દી જલ્દી....

ફૂલડાં વીણીને મેં હારમાળા બનાવી,
પ્રાર્થના કરોને બાળ જલ્દી જલ્દી...

આંબાની ડાળે બાંધ્યો મેં હીંચકો,
રમવા આવોને બાળ જલ્દી જલ્દી...

ભોજન બનાવ્યા મેં લાડુ ને લાપસી,
જમવા આવોને બાળ જલ્દી જલ્દી....

કવિતાઓ લખી મેં વિદ્યા વિનયથી,
ગાવા આવોને બાળ જલ્દી જલ્દી....

અભિનય લખ્યું "શીલા" એ "પરી"રાણી
નાચવા આવોને બાળ જલ્દી જલ્દી....

શીલા ચૌધરી
"સાહિત્યની દીવાની"

દિવાળી દેખાણી...

નવી નવી ખરીદી દેખાણી,
કપડાંની દુકાનમાં લાઈન દેખાણી..
ભાઈ ! હવે દીવાળી દેખાણી..

કોઈને પૈસાની તંગી ના દેખાણી,
બજારમાં દેરાણી જેઠાણી દેખાણી..
ભાઈ ! હવે દીવાળી દેખાણી..

શહેરમાં જાણે કીડીઓ ઉભરાણી,
ફરસાણની દુકાનમાં પડાપડી દેખાણી..
ભાઈ ! હવે દીવાળી દેખાણી..

દરજીની દુકાનમાં સીઝન દેખાણી,
ખરીદીમાં નણંદ ભોજાઈ દેખાણી..
ભાઈ ! હવે દીવાળી દેખાણી..

કોરોના ભગાડી કરીએ હવે ઉજાણી,
ઘરની સફાઈમાં સાવરણી દેખાણી,
ભાઈ ! હવે દીવાળી દેખાણી..

દિનેશ કવિરાજ

દિવ્યની દિવ્યતા

વ્હાલી નિર્મોહી

નયન રમ્ય ટેકરીઓની વચ્ચે રામનગર નામનું એક નાનકડું ગામ હતું. ગામનું પાદર સ્વચ્છ અને વનશ્રી શોભતું હતું. આ વનશ્રીની છાયામાં અનેક પશુ-પંખીઓ અને વટેમાર્ગુઓ વિસામો લેતા હતાં.

આવા સુંદર સુઘડ ગામમાં બે મિત્રો પોતાના પરિવાર સાથે રહેતા હતાં. એકનું નામ સૌમ્ય અને બીજાનું નામ દિવ્ય. સૌમ્ય નામ પ્રમાણે જ સહજ અને સરળ હતો. દિવ્યમાં પણ સરળતા અને સહજતાની સાથે-સાથે નામ પ્રમાણે તે દિવ્ય ગુણોથી વિભુષિત હતો. સૌમ્યના પપ્પા ખૂબ જ મોટા વેપારી હતાં અને ખૂબ પૈસાદાર હતાં. તેઓને પોતાના વેપાર વણજમાંથી ફુરસદ જ નહોતી મળતી. સૌમ્યને જે જોઇએ તે મળતું હતું; પરંતુ મુશ્કેલી કે આપતિના સમયનો હિંમતથી સામનો કરવાનું બળ તેમજ ધૈર્ય ધારણ કરવાના ગુણ વિકસિત થયા ન હતાં. બીજી બાજુ દિવ્યના મા-બાપ મધ્યમ વર્ગમાંથી આવતાં હતાં. તેઓ ખૂબ જ પરિશ્રમી હતાં.

તેઓની પાસે થોડીક ખેતીવાડી અને બે -ચાર ગાય, ભેસના દુજાણાં હતાં. આમાંથી થતી આવકમાંથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા તેમજ પોતાના ઘરે આવનાર અતિથિઓનો હર્ષભેર આદર સત્કાર કરતા. આ બધું નાનકડો દિવ્ય જોતો હતો. દિવ્યના માતા -પિતા પોતાનું કામ નિયત સમયે પૂરું કરી લેતા અને વધારાના સમયમાં સારા પુસ્તકોનું વાંચન મનન કરતાં, સ્વાધ્યાયના કારણે તેઓનું જીવન તેજસ્વી લાગતું. નવરાશના સમયે તેઓ બે પાંચ ઘરે ફરીને ઈશ્વરના ઉપકારોની વાતો કરતાં. આ વખતે ક્યારેક દિવ્ય પણ તેમની સાથે જતો. પરિણામ સ્વરૂપ દિવ્યમાં પણ કૃતજ્ઞતા, ધીરજ, શૌર્ય, સાહસ અને સમતા જેવા ગુણોનો વિકાસ થયેલો હતો.

દિવ્ય અને સૌમ્ય ગામની શાળામાં 7મું ધોરણ પુરુ કરી આગળ ભણવા ગયાં. સૌમ્ય મોટા શહેરમા ભણવા ગયો. જ્યારે દિવ્ય બાજુના ગામની સરકારી શાળામાં ભણવા ગયો. સૌમ્ય અને દિવ્ય ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા. આગળ જતાં સૌમ્યનું મિત્ર વર્તુળ બદલાણું તેના કારણે તે અભ્યાસમાં પાછળ પડી ગયો. મિત્રો ખાવું-પીવું અને મોજ મસ્તીમાં રહેવા વાળા હોવાથી પોતે પણ પ્રમાદી બની તેની સાથે સમય બરબાદ કરવા લાગ્યો. થોડો ટાઈમ જેમ તેમ કરી ભણ્યો ને બે-ત્રણ વાર નાપાસ થવાથી અભ્યાસ અધૂરો છોડી દીધો. અભ્યાસ છોડીને સૌમ્યએ બે-ત્રણ વરસ આંટાફેરા કરી વિતાવ્યાં; ત્યાર પછી પપ્પાના કહેવાથી તે તેના વેપારમાં જોડાઈ ગયો. જ્યારે દિવ્ય તો ભણવામાં ખૂબજ હોશિયાર હોવાથી સફળતાના શિખરો સર કરી પ્રતિભાવંત ડૉ.બની ગયો.

દિવ્યની દિવ્યતા

આ વાતને વર્ષો વીતી ગયાં. એકવાર દિવ્ય હોસ્પિટલના પગથીયા ઉતરતો હતો ત્યારે તેની નજર વેઈટિંગ રૂમની પાટલી પર પડી. પાટલી પર બેઠેલા સૌમ્યના પિતાને ઓળખ્યાં. દિવ્ય તેમની પાસે દોડતો ગયો અને બોલ્યો:" કાકા તમે અહીં ? સૌમ્ય શું કરે છે ? તે કેમ છે ?" આમ અચાનક દિવ્ય ને જોયો અને તેના લાગણીસભર પ્રશ્નો સાંભળી સૌમ્યના પપ્પા ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યાં અને બોલ્યાં: " બેટા! સૌમ્યાની અણ આવડત તેમજ અમારા દુર્ભાગ્યના કારણે કારોબાર ભાંગી પડ્યો, જેની અસર સૌમ્યના મન પર થઈ અને તે માનસિક સંતુલન ગુમાવી લગભગ પાગલ જેવો થઈ ગયો છે. તેઓ રડતા રડતા કહે છે કે "બેટા ! મેં તારા પપ્પાની જેમ નાનો હતો; ત્યારે સારા ગુણોનું સિંચન ના કર્યું તેની આ સજા મને મળી. દિવ્ય સૌમ્યના પપ્પાને ધીરજ આપતા કહે છે કે" કાકા, શાંતિ રાખો બધું ઠીક થઈ જશે. દિવ્યની વાત સાંભળી તેઓ બોલ્યાં:" બેટા ધીરજ રહેતી નથી. પારાવાર અફસોસ થાય છે કે વેપાર વણજની લાહ્યમાં હું સૌમ્યને સમતાના પાઠ ભણાવવાના ચૂકી ગયો. જેના કારણે આજે તેની આ હાલત થઈ. સૌમ્યાના પપ્પાની આ દુ:ખભરી વાત સાંભળી દિવ્ય ખૂબ જ દુ:ખી થયો. તે સૌમ્યના પપ્પાને સાંત્વના આપતા કહે છે કે "કાકા તમે રડો નહીં હું સૌમ્યની સારવાર કરીશ, સારો બનાવીશ. દિવ્ય સૌમ્યને પોતાની સાથે લઈ આવ્યો. તેની સાથે પ્રેમ અને લાગણીસભર વાતો કરી તેને ભૂતકાળમાં લઈ જઈ બચપણની વાતો યાદ કરાવી પ્રસન્નરાખવા પ્રયત્ન કરતો તેથી સૌમ્યને સારુ લાગતું. નાનપણની રાજીપાની રમતો ને યાદ કરી સૌમ્ય રાજી થયો જેના કારણે સૌમ્યના મનનો તણાવ ધીમે ધીમે દૂર થવા લાગ્યો. દિવ્ય દ્વારા રાતદિન અથાગ પ્રયત્નો રંગ લાવે છે ને એક દિવસ સૌમ્ય સારો થઈ ગયો.

સૌમ્ય એકદમ સારો થઈ જતાં દિવ્ય અત્યંત પ્રસન્ન થયો અને તે સૌમ્યને લઈ તેના ઘરે ગયો ને સાજા સમા સૌમ્યને તેના પિતાના હાથમાં સોંપ્યો. સારા સાજા થયેલા સૌમ્યને જોઈ તેના માતા-પિતા ખુબજ હરખાયા ને દિવ્યને ખુબ ખુબ આશીર્વાદ આપ્યાં.

પીપલીયા જીવતી
"જયશ્રી"

કૃતિ મોકલવાના નિયમ

એક અવાજ
નિર્મોહી

1. લેખકો વધુમાં વધુ બે પાનાંની મર્યાદામાં જ પોતાનો લેખ મોકલે, કવિઓ એકસાથે વધુમાં વધુ બે રચના મોકલી શકાશે . આમાંથી "નિર્મોહી - એક અવાજ" ટીમ દ્વારા પસંદગી પામેલી કૃતિ પ્રકાશિત થશે.
2. પૂર્વ સ્વીકારાયેલરચનાઓને લીધે પ્રકાશન માટે બે થી ત્રણ માસ જેટલો સમય લાગી શકે છે.
3. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશન માટે મોકલવામાં આવેલ રચના પૂર્વે કોઈપણ માધ્યમથી પ્રકાશિત થયેલ ન હોવી જોઈએ.
4. આપની કૃતિ મોકલતા પહેલાં "સાર્થ જોડણી કોશ" પ્રમાણે જોડણીની ચકાસણી કરી અને પછી જ મોકલવી, વધારે ભૂલોવાળી કૃતિ સ્વીકારવામાં આવશે નહિ.
5. આપની કૃતિ ગુજરાતી ભાષામાં "શ્રુતિ ફોન્ટ'માં ૧૨ ની સાઈઝમાં ટાઇપ કરીને જરૂરી વિગતો સાથે http://surl.li/zgls લિંકમાં ભરી મોકલવાની રહેશે!
6. લિંકમાં દરેક વિગતો ગુજરાતીમાં જ ભરવી, અધૂરી માહિતી સાથે ભરવામાં આવેલ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહી .
7. જે તે અંક માટે પસંદ કરવામાં આવેલ રચનાઓની યાદી દર મહીનાની ૧૦ તારીખે નિર્મોહી ઈ મેગેઝિન ફેસબુક પેજ ઉપર મુકવામાં આવશે .
8. રચના મોકલ્યા બાદ અન્ય તમામ માહિતી ઈ મૈઈલ દ્વારા પ્રાપ્ત થતી રહેશે,
9. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશિત થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે. નિર્મોહી સામયિકના તંત્રી, સહ તંત્રી કે સંપાદક એની સાથે સંમત છે એવું માનવું નહીં,
10. નિર્મોહી - એક અવાજ સામયિક માસિક દર માસની ૧૫ તારીખે ડીઝીટલ માધ્યમથી પ્રકાશિત થાય છે.
11. કૃતિ નીચે પ્રમાણે મોકલવી.

    1. ધારાવાહિક
    2. કાવ્ય અને આસ્વાદ
    3. હેલ્થ લેખ
    4. સાહસ કથા
    5. વ્યક્તિ વિશેષ
    6. Motivational article
    7. વર્તમાન પ્રવાહ
    8. બાળગીત, બાળવાર્તા
    9. વાનગી, દાદીમાનું વૈદું

nirmohimagazine@gmail.com @nirmohimagazine નિર્મોહી ઈ મેગેઝિન

નિર્મોહી

એક અવાજ

નિર્મોહી અંક - 05 - 15/12/2021

✉ nirmohimagazine

☎ 9624244390

તમારા મંતવ્યો જણાવવા ક્લિક કરો

https://wa.link/t0lqnj

જાહેરાત માટે સંપર્ક કરો

https://wa.link/t0lqnj

ટેલીગ્રામ ચેનલમાં જોડાઓ

https://t.me/nirmohimagazine

nirmohimagazine@gmail.com @nirmohimagazine નિર્મોહી ઈ મેગેઝિન